આજનો સુવિચાર

લાગે છે કે મગજની ફરતે વાડ બનાવવી પડશે લોકો આવીને વિચારો વાવી જાય છે !!!

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૧૯૯ જૂનાગઢ તા. ૬-૮-૨૦૨૧ શુક્રવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

## ટોકયો ઓલિમ્પિક બજરંગ પુનિયા કુસ્તીની સેમીફાઈનલમાં પહોંચ્યો

ટોકયો તા. ૬

ટોક્યોઓલિમ્પિકમાં ભારત માટે મેડલના દાવેદાર કુસ્તીબાજ બજરંગ પુનિયાએ કવાર્ટર ફાઈનલ મેચ જીતી લીધી છે. તેણે ૬૫ કિલો વજન કેટેગરીમાં એશિયન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ વિજેતા ઈરાનના મોર્ટેઝા ધિયાસીને પછાડીને જીત મેળવી છે. સેમી-ફાઈનલમાં તેનો મુકાબલો અઝરબૈજાનના હાજી અલીયેવ સામે થશે. આ મેચ આજે જ રમાશે. અલીયેવ ૫૭ કિગ્રામાં રિયો ૨૦૧૬માં બ્રોન્ઝ મેડલ વિજેતા અને ૬૧ કિલોગ્રામમાં ત્રણ વખતનો વર્લ્ડ ચેમ્પિયન છે.

## છેલ્લા ૧૮ માસમાં સાયબર ગઠીયાઓએ રૂા.૧૫૫ કરોડની ઠગાઈ કરી

નવી દિલ્હી,તા. ૬

ગુજરાત સહિત સમગ્રદેશમાં કોરોના તબાહી મચાવી રહ્યો છે ત્યારે વર્ષ ૨૦૨૦માં સાયબર સેલના હેલ્પલાઈન નંબર ઉપર કુલ ૨૩,૦૫૫ કોલ્સ આવ્યા હતા. તેમાં સાયબર ગઠિયાઓએ રૂા. ૮૭,૬૫,૩૪,૪૯૬ની ઠગાઈ આચર હતી. આ રકમ પૈકી સાયબલ સેલે રૂા. ૧૦,૨૭,૫૧,૮૦૦ ફ્રીઝ કર્યા હતા. ૨૦૨૧માં અત્યાર સુધી કુલ કોલ્સની સંખ્યા ૧૪,૧૭૦ સુધી પહોંચી ગઈ છે. જેમાં રૂા.૬૭,૬૧,૪૩,૫૮૫ની છેતરપીંડી આચરવામાં આવી છે. આ રકમ પૈકી સાયબર સેલે રૂા. ૧૧,૮૫,૨૯,૨૫૨ ફ્રીઝ કર્યા છે. આમ, ગત વર્ષ જાન્યુઆરીથી લઈને ચાલુ વર્ષે જુલાઈ મહિના સુધીમાં સાયબર ગઠિયાઓ કુલ રૂા.૧૫૫,૨૬,૭૮,૦૮૧ની ઠગાઈ કરી ચુકયા છે.

# રીઝર્વ બેંક દ્વારા ત્રીમાસીક નાણાંકીય નીતિની જાહેરાત તમામ વ્યાજદરો યથાવત : ઈએમઆઈ નહી ઘટે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા. ૬

રીઝર્વ બેંકના ગવર્નર શશીકાંત દાસે આજે ત્રીમાસીક ક્રેડીટ પોલીસી જાહેર કરતા તમામ વ્યાજદરો યથાવત રાખ્યા છે.

રેપો રેટ અને રીવર્સ રેપો રેટમાં કોઈ ફેરફાર નહી કરતા આમ આદમીએ સસ્તા ઈએમઆઈ માટે હવે રાહ જોવી પડશે. ૪ ઓગષ્ટે શરૂ થયેલ રીઝર્વ બેંકની નીતિ સમિતિની બેઠક આજે પૂર્ણ થઈ છે. કોરોનાની બીજી લહેરને કારણે એપ્રિલ અને મે મહિના દરમ્યાન દેશના અનેક ભાગોમાં મુકવામાં આવેલા પ્રતિબંધોને કારણે અર્થતંત્ર ઉપર અસર થઈ હતી. હવે ત્રીજી લહેરની આશંકા વચ્ચે આ બેઠક યોજવામાં આવી હતી.

રીઝર્વ બેંકે રેપો રેટ ૪ ટકા અને રીવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. જો કે રીઝર્વ બેંક મોંઘવારી અંગે ચિંતા વ્યકત કરી છે અને સીપીઆઈ આધારીત ફુગાવાના દરનો અંદાજ ૫.૧ ટકાથી વધારી ૫.૭ ટકા જાહેર કર્યો છે. એટલુ જ નહિ રીઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૨ માટે જીડીપી ગ્રોથ રેટ પણ ૯.૫ ટકા યથાવત રાખ્યો છે. રીઝર્વ બેંકે જણાવ્યુ છે કે વેકસીનેશન જેમ જેમ વધતુ જશે તેમ તેમ અર્થતંત્રમાં પણ સુધારો આવતો રહેશે અને ડીમાન્ડ પણ વધવા લાગશે.

# નવી શિક્ષણ નીતિમાં ધો.૧૦ની બોર્ડની પરીક્ષા નાબુદ : ધો.૧૨માં બોર્ડની પરીક્ષા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૬

દેશની નવી શિક્ષા નીતિને ગત સપ્તાહે કેન્દ્રીય કેબીનેટ દ્વારા મંજુરી આપવામાં આવી તેમાં હવે ૫ ૩ ૩ ૪ની નવી શિક્ષા પદ્ધતિ અપનાવાઈ છે અને તેના કારણે વધુ બે કરોડ વિદ્યાર્થીઓ દર વર્ષે શિક્ષણમાં જોડાશે. નવી શિક્ષા નીતિની સંપૂર્ણ ફોર્મ્યુલા આ વર્ષના અંતે જાહેર થઈ જશે પણ મહત્વપૂર્ણ રીતે હવે ધો.૧૦ તથા ૧૨ એમ બે બોર્ડ પરીક્ષા છે તે વિદ્યાર્થીઓ ઉપર ભારણ વધારે છે તેથી ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા નાબુદ થશે અને ધો.૧૨ની એક જ પરીક્ષા બોર્ડ પરીક્ષા તરીકે લેવામાં આવશે અને બીજા મહત્વના નિર્ણયમાં શાળા અને કોલેજોમાં માતૃભાષા પ્રાદેશીક ભાષામાં શિક્ષણને પ્રાથમીકતા અપાશે.

જો કે તે પ્રોજેકટ પાઈલોટ પ્રોજેકટ તરીકે દાખલ કરવામાં આવશે અને એન્જીનીયરીંગ અભ્યાસ પણ માતૃભાષામાં હશે. થોડી ઈન્સ્ટીટયુટ તેનો પ્રારંભીક અમલ કરશે. સરકારે નવી શિક્ષણ નીતિમાં એમ.ફીલ. માસ્ટર ઓફ ફિલોસોફીની ડીગ્રી પણ રદ કરી છે અને કોલેજ શિક્ષા ફરી ૪ વર્ષ કરવામાં આવી છે. ધો.પાંચમી સુધી છાત્રોને માતૃભાષા, સ્થાનિક ભાષા અને રાષ્ટ્રભાષામાં અભ્યાસ કરાવવામાં આવશે અને બાકીના અંગ્રેજી સહિતની ભાષા એક વિષય તરીકે ભણાવાશે.

નવી નીતિમાં ૯થી૧૨ સુધી સેમીસ્ટર પદ્ધતિ અમલી બનશે. કોલેજમાં ૩ વર્ષની ડીગ્રી એના માટે છે જે હાયર એજયુકેશન, પોષ્ટ ગ્રેજયુએશન કે તેવી ડીગ્રી લેવા માંગતા નથી તેના માટે અને ચાર વર્ષની ડીગ્રી ઉચ્ચ અભ્યાસ માટે હશે. ચાર વર્ષની ડીગ્રી લેનારને પોષ્ટ ગ્રેજયુકેશન ૧ વર્ષ જ અભ્યાસ કરવાનો રહેશે અને એમફીલ રદ થતા સીધુ પીએચડી કરી શકશે. ઉચ્ચ શિક્ષણમાં સંસ્થાઓને વધુ સ્વાયત બનાવાશે અને ઈ-કોર્ષ ચાલુ કરવાની મંજુરી અપાશે. દેશમાં ૩૪ વર્ષ બાદ નવી શિક્ષણ નીતિ આવી છે.

## રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડનું નામ બદલાયું વડાપ્રધાને ટવીટ કરીને જાહેરાત કરી

નવી દિલ્હી તા. ૬

વડાપ્રધાન નરેન્દ્રમોદીએ આજે એક ટવીટ કરીને મહત્વની જાહેરાત કરતા મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ નામકરણની જાહેરાત કરી હતી. અગાઉ આ એવોર્ડ રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ તરીકે ઓળખાતો હતો પરંતુ હવેથી ખેલરત્ન એવોર્ડ મેજર ધ્યાનચંદનાં નામથી અપાશે. મેજર ધ્યાનચંદ હોકીનાં દિગ્ગજ ખેલાડી હતા.

જો કે, ખેલરત્ન એવોર્ડનાં નામમાં કરાયેલા આ ફેરફારને કોંગ્રેસ પક્ષે બદલાની રાજનીતિ ગણાવી છે. કોંગ્રેસ પક્ષે એવો આક્ષેપ કર્યો છે કે, રાજકીય નેતાઓનાં નામ સ્પોર્ટસ સાથે જોડાયેલું હોય છે, તાજેતરમાં જ અમદાવાદનાં પ્રખ્યાત મોટેરા સ્ટેડીયમનું નામ બદલીને નરેન્દ્ર મોદી સ્ટેડીયમ કરવામાં આવ્યું તેનું કોંગ્રેસે ઉદાહરણ આપતા ભાજપ ઉપર કિન્નાખોરી રાખવાનો આક્ષેપ કર્યો છે.

## વિશ્વમાં કોરોનાનાં કેસનો કુલ આંકડો ૨૦ કરોડને વટાવી ગયો મૃત્યુઆંક ૪૨ લાખ

નવી દિલ્હી તા. ૬

WHOએ જણાવ્યું કે છેલ્લા એક સપ્તાહથી સંક્રમિત દર્દીઓની સંખ્યામાં તેજીથી વધારો થઈ રહ્યો છે. WHOએ ચેતવણી આપી છે કે સંક્રર્મણની ગતિ આ પ્રકારે રહી તો આવતા સપ્તાહે વિશ્વભરમાં કુલ દર્દીઓનો આંકડો ૨૧ કરોડને પાર પહોંચી જશે. બીજી બાજુ મોતનો આંકડો વધીને ૪૨ લાખથી વધુ થઈ ગયા છે. આંકડા મુજબ, અમેરિકામાં સંક્રમણના કેસમાં ૯ ટકાનો વધારો થયો છે.

# ગુજરાતમાં કોરોનાનાં કેસ વધશે તો પુર્નઃ કડક નિયંત્રણો લાદવાની મુખ્યમંત્રીએ ચેતવણી આપી

### કોરોનાની ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન નહી કરાય તો સતત બીજા વર્ષે ગુજરાતની પ્રજાએ તહેવારો ઘરમાં જ મનાવવાનો વારો આવશે

અમદાવાદ તા. ૬

ગુજરાતમાં કોરોનાના કેસ ઘટવા લાગતાં જ ધંધા-રોજગાર સહિત બજારો ખૂલવા લાગ્યાં છે. પરિણામે, ઉત્સવ પ્રિય અને હરવાફરવા અને જમવાના શોખીન ગુજરાતીઓ બિનધાસ્ત બની મોજમજા કરી રહ્યા છે. તે જોતાં કોરોનાની ત્રીજી લહેરનો ડર પણ વધવા લાગ્યો છે. આ સંજોગોમાં જો જનતા કોરોના ગાઈડલાઈન્સનું ચુસ્તપણે પાલન નહીં કરે તો ફરી એકવાર ગુજરાતની પ્રજાએ નવરાત્રી અને દિવાળી ઘરમાં જ મનાવવી પડશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ ચેતવણી આપી છે કે દેશભરનાં કેટલાંક રાજ્યોમાં કોરોનાના કેસ બીજી લહેર બાદ ફરી એકવાર વધવા લાગ્યા છે, જેને કારણે દેશમાં નોંધાતા દૈનિક કેસની સંખ્યા પણ વધી રહી છે. એવામાં રાજ્યમાં જો કોરોનાના કેસ વધશે તો ગુજરાત રાજ્ય સરકાર નિયંત્રણો ફરી કડક કરી દેશે. એક કાર્યક્રમ બાદ પત્રકારો સાથેની વાતચીતમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે, તેથી નિયંત્રણોમાં છૂટછાટ આપવામાં આવી છે. એવામાં જો રાજ્યમાં પણ કોરોનાના કેસ વધશે તો નિયંત્રણો ફરીથી લાદવા સિવાય અન્ય કોઈ રસ્તો નથી. ગત વર્ષે કોરોના દરમ્યાન લોકોએ ઘરમાં જ ગરબા રમીને નવરાત્રીની ઉજવણી કરી હતી.

મુખ્યમંત્રીએ ઈશારામાં ચીમકી આપી છે કે બેફામ બની કોરોના સંબંધિત નિયમોનો ભંગ થયો, જાહેર જગ્યાઓએ તહેવાર સમયે ભીડ થઈ અને ફરીથી કોરોનાનું સંક્રમણ વધવા લાગ્યું તો રાજ્ય સરકારે જે છૂટછાટો આપી છે તેને પરત લઈ લેશે અને કડક નિયમો લાગુ કરી દેશે.

## મહિલા હોકીમાં બ્રિટન સામે ભારતનો પરાજય

નવીદિલ્હી તા. ૬

મહિલા હોકીમાં બ્રોન્ઝ મેડલ મેચમાં ગ્રેટ બ્રિટને ભારતને ૪-૩થી હરાવ્યું છે. ભારતીય મહિલા ટીમે મજબૂત મુકાબલામાં શાનદાર પ્રદર્શન કર્યું અને બીજા કવાર્ટરમાં ૩-૨ની લીડ મેળવી હતી. જો કે, ટીમ આ લીડ જાળવી શકી હતી નહી અને બ્રિટને ત્રીજા અને ચોથા કવાર્ટરમાં ૧૫ મિનિટની અંદર બે ગોલ કરીને મેચ ૪-૩થી જીતી લીધી.

ભારતીય મહિલા હોકી ટીમ અને ગ્રેટ બ્રિટન બ્રોન્ઝ મેડલ મેચમાં ૨-૦થી પછડાયા બાદ ભારતીય ટીમે બીજા કવાર્ટરમાં જબરદસ્ત વાપસી કરી હતી અને ૪ મિનિટની અંદર ૩ ગોલ કર્યા હતા.

ગુરજિત કૌરે ૨૫મી અને ૨૬મી મિનિટમાં ગોલ કરીને પ્રથમ સ્કોરને ૨-૨થી બરાબરી કરી હતી. આ પછી વંદના કટારિયાએ ૨૯મી મિનિટમાં ગોલ કરીને ટીમ ઈન્ડિયાને લીડ અપાવી હતી. ત્યાર બાદ ત્રીજા કવાર્ટરમાં બ્રિટનના પિયર્ને વેબએ ૩૫મી મિનિટે ગોલ કરીને સ્કોર ૩-૩થી બરાબર કરી દીધો.

ત્રીજા કવાર્ટરમાં પણ બ્રિટને આક્રમક શરૂઆત કરી. તેણે ૩૨મી મિનિટે પેનલ્ટી કોર્નર મળ્યો હતો. ભારતીય ડિફેન્ડર મોનિકાએ તેના ઉપર શાનદાર બચાવ કર્યો હતો. આ પછી બ્રિટનના વેબે સ્કોરને ૩-૩ની બરાબર કર્યો હતો. ત્રીજા કવાર્ટરમાં ભારતને પેનલ્ટી કોર્નર પણ મળ્યો, પરંતુ ગુરજિત કૌર તેના ઉપર ગોલ કરવામાં નિષ્ફળ રહી હતી.

## વર્ષ ૨૦૧૨માં કરાયેલ ઈન્કમટેકસ એકટનો સુધારો પાછલી અસરથી નાબુદ કરાયો : ૧૭ કંપનીઓને રાહત

નવી દિલ્હી તા. ૬

નાણાં મંત્રાલયે લોકસભામાં ૨૦૧૨ની સાલમાં ઈન્કમટેક્સ એક્ટમાં કરાયેલો સુધારો પશ્ચાદ અસરથી પાછો ખેચતું બિલ લોકસભામાં રજૂ કર્યું છે. તેનાથી વોડાફોન, કેઈર્ન એનર્જી સહિત ૧૭ કંપનીઓને રાહત થશે.

૨૦૧૨ની સાલમાં ઈન્કમટેક્સ એક્ટમાં જે સુધારો કરાયો હતો તે મુજબ વિદેશી કંપનીના શેરના બદલામાં ૨૮ મે ૨૦૧૨ પહેલા ટ્રાન્સફર કરાયેલી ભારતમાં આવેલી પ્રોપર્ટીથી થયેલી આવક ઉપર ઈન્કમટેક્સ ભરવાનો થતો હતો. હવે ૨૦૨૧ ની સાલમાં લોકસભામાં મુકાયેલા બિલ મુજબ વિદેશી કંપનીના શેરના બદલામાં ૨૦૧૨ ની સાલનો ઈન્કમટેક્સ એક્ટનો સુધારો પશ્ચાદભૂ અસરથી પાછો ખેંચાયો છે. આથી ૨૮ મે ૨૦૧૨ પહેલા ટ્રાન્સફર કરાયેલી ભારતમાં આવેલી પ્રોપર્ટીથી થયેલી આવક ઉપર ઈન્કમટેક્સ ભરવો નહીં પડે. આથી વોડાફોન, કેઈર્ન એનર્જી સહિત ૧૭ કંપનીઓ ઉપર ૨૮ મે ૨૦૧૨ પહેલા ટ્રાન્સફર કરાયેલી ભારતમાં આવેલી પ્રોપર્ટીથી થયેલી આવક ઉપર ઈન્કમટેક્સ વસુલાત માટે કરાયેલો કેસ પાછો ખેંચાશે. જેની સામે આ કંપનીઓએ કરેલી પિટિશન પાછી ખેંચી લેવાની રહેશે. તથા ભવિષ્યમાં આ માટેનો ખર્ચ, નુકશાની, કે વ્યાજ માંગી શકશે નહીં તેવું કબૂલાતનામું રજૂ કરવાનું રહેશે. જેના બદલામાં ૨૦૧૨ની સાલમાં ઈન્કમટેક્સ એક્ટમાં કરાયેલા સુધારાને કારણે તેમની પાસેથી વસુલ કરાયેલો ઈન્કમટેક્સ રિફંડ કરાશે.

## આપનાં ફાયર બ્રાન્ડ નેતા ગોપાલ ઈટાલીયાની મહેસાણામાં ધરપકડ : ઉગ્ર પ્રત્યાઘાતો

મહેસાણા તા. ૬ :.

આમ આદમી પાર્ટી દ્વારા જન સંવેદના યાત્રાના બીજા ચરણનો આજથી ઉઝા ઉમિયા માતાજીના દર્શન કરીને પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મહેસાણા જિલ્લામાં યાત્રા શરૂ થાય તે પહેલા જ આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયાની મહેસાણા પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવતા ઘેરા પડઘા પડયા છે.

આમ આદમી પાર્ટીના નેતા ઈશુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે આજે સવારે મહેસાણા ટોલનાકા પાસે જ એક જૂના કેસમાં 'આપ'ના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયાની કલમ ૧૮૮માં ધરપકડ કરવામાં આવી છે. અમે લોકો મહેસાણા પોલીસ સ્ટેશને પહોંચીને જ્યાં સુધી ગોપાલ ઈટાલીયાને છોડવામાં ન આવે ત્યાં સુધી પોલીસ સ્ટેશનમાં જ બેસી રહેશુ અને ધરણા કરશું અમારી સાથે આમ આદમી પાર્ટીના ૫૦૦૦થી વધુ કાર્યકરો અને આગેવાનો પણ જોડાયા છે.

ઈશુદાન ગઢવીએ વધુમાં જણાવ્યુ કે, ભાજપ સરકાર ડરી ગઈ છે. પોતે તો શ્રધ્ધાંજલી આપવા નથી જતા પરંતુ અમે નાયબ મુખ્યમંત્રીના વિસ્તારોમાં શ્રધ્ધાંજલી અર્પણ કરવા જઈએ છીએ તો અટકાવે છે. ભાજપની આવી નીતિ સામે ગુજરાતના લોકોમાં આક્રોશ છે અને ભાજપને ઝડબાતોડ જવાબ મળશે. પાંચ વર્ષ પહેલાના કેસમાં ધરપકડ કરીને ભાજપ સરકાર લોકશાહીનું અપમાન કરી રહી છે.

# પોતાની મરજીથી અન્ય ધર્મની વ્યકિત સાથે લગ્ન કર્યા હોય તેને ધર્માંતરણનો ગુનો કેવી રીતે ગણી શકાય ? નામ. હાઈકોર્ટે ગુજરાત સરકારનો ઉધડો લીધો

અમદાવાદ તા. ૬ : 'લવ જેહાદ' ગુજરાત ફ્રીડમ ઓફ રિલિજિયન એમેન્ડમેન્ટ એકટ ૨૦૨૧ની કાયદેસરતા અને બંધારણીયતાને પડકારતી રિટની સુનાવણીમાં ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની ખંડપીઠે સરકાર અને એડવોકેટ જનરલને નોટિસ પાઠવીને સ્પષ્ટતા કરવાનો આદેશ કર્યો છે કે, બે જુદા જુદા ધર્મના પુખ્તવયના લોકો સ્વેચ્છાએ લગ્ન કરે તો તેને લવ જેહાદના કાયદા હેઠળ ધર્મપરિવર્તનનો ગુનો કઈ રીતે ગણી શકાય? હાઈકોર્ટે સુનાવણીમાં એવી પણ ટકોર કરી હતી કે, 'જો લગ્ન બળજબરી, ધાકધમકી કે લોભલાલચ આપીને ધર્માંતરણ કરવાના આશય માત્રથી જ કરવામાં આવ્યા છે તો એ કાયદા હેઠળ ગુનાની વ્યાખ્યામાં આવે છે. પરંતુ બે પુખ્તવયની વ્યકિતઓ પોતાની મરજીથી લગ્ન કરે તો તેને ગુનો ગણવો જોઈએ નહીં.' સાથે જ હાઈકોર્ટે એવો પણ સવાલ કર્યો હતો કે, બે જુદા જુદા ધર્મના લોકો લગ્ન કરે તો તમે કોઈની પણ ફરિયાદના આધારે તેને જેલમાં પુરીને પછી તપાસ કરશો કે લગ્ન કરવા માટે કોઈ લાલચ કે બળજબરી કરવામાં આવી હતી?

હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથે સરકારને સુનાવણી દરમ્યાન કેટલાક તીખા સવાલો કર્યા હતા અને પૂછ્યું હતું કે, 'પ્રસ્તુત કાયદા અંતર્ગત સરકાર બે પુખ્તોએ સ્વેચ્છાએ કરેલા લગ્નને ગુનાની વ્યાખ્યામાં કઈ રીતે લાવી શકે ? સરકાર આ મુદ્દે કહેવા શું માગે છે? લગ્ન બળજબરી કે લોભલાલચ આપીને ધર્માંતરણ માટે કરાવવામાં આવે તો ગુનો બને એ બરાબર છે, પરંતુ સરકાર કહે છે કે કોઈ વિધર્મી યુગલ સ્વેચ્છાએ લગ્ન કરે તો એ ધર્માંતરણનો ગુનો બને?' જસ્ટિસ બિરેન વૈષ્ણવે સવાલ કર્યો હતો કે, 'શું બે જુદા જુદા ધર્મના લોકો લગ્ન કરી લે તો તમે એમને જેલમાં પૂરી દીધા બાદ તપાસ કરશો કે લગ્ન કરવા લાલચ આપી હતી કે બળજબરી કરી હતી? એટલે પહેલા જેલમાં જવું પડશે અને ત્યારબાદ લગ્ન કઈ રીતે કર્યા તેની તપાસ થશે!'

મુખ્ય સરકારી વકીલ મનીષા લવકુમારે દલીલ કરી હતી કે, 'જ્યાં સુધી ધર્મપરિવર્તન નહીં કરે ત્યાં સુધી લગ્ન નહીં થાય તેવી બળજબરીપૂર્વકની શરતોને આધારે થતાં ધર્માંતરણને રોકવાનો આ કાયદાનો આશય છે. લગ્નના નામે જે ધર્માંતરણ કરાવવામાં આવે છે તેને રોકવાનો સરકારનો આશય છે.' ચીફ જસ્ટિસે ટકોર કરી હતી કે, 'બે ધર્મના પુખ્ત લોકો લગ્ન કરે ત્યારબાદ એ તો લગ્ન કરનાર દંપતી નક્કી કરશે કે તેમણે કયા ધર્મનું પાલન કરવું છે.'

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર


બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી. ફ્રીઝ. A/C. વોશીંગ મશીન. ઘરઘંટી. હોમથીએટર. DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. સોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ. વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ ઉપચાર કેન્દ્ર
ડૉ. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
● નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપુરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭૨૬૦૦૨

જૂનાગઢનાં વંથલી રોડ ઉપર મધુરમ ગેઈટથી તદ્દન નજીક રોડ ટચ ભવ્ય આયોજન
3&4 BHK LUXURIOUS VILLA



: બુકીંગ સંપર્ક :
અંબરીશ વ્યાસ ૮૮૪૯૧ ૪૫૫૯૧
રીષભ વ્યાસ - ૭૦૧૬૮ ૯૦૩૯૭
વિશેષતાઓ :
● જૂનાગઢમાં સૌપ્રથમવાર ટેરેસ ઉપર ગોઝીબોની સુવિધા
● માત્ર ૩૯ યુનિટ ધરાવતી મેઈન ગેટ સાથેની ટાઉનશીપ
● સમગ્ર સોસાયટીમાં સી.સી. રોડ તથા અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજની સુવિધા
● દરેક યુનિટને સ્વતંત્ર બોર તથા વિશાળ પાર્કીંગની સુવિધા
● મેઈન હાઈવેથી માત્ર ૪૦ મીટરનાં અંતરે
● મેઈન હોલ, ડાઈનીંગમાં પીઓપી
સાઈટ : પ્લેટીનમ પાર્ક, સ્ટાર પ્લેટીનમ કોમ્પ્લેક્ષ ૫, મધુરમ બસ સ્ટોપ, વંથલી હાઈવે, જૂનાગઢ

બેસનની દુનિયાનો બેતાજ બાદશાહ
સ્વસ્તિક - સુપર- લિબર્ટી
ચુનીભાઈ રાખોલીયા


સ્વસ્તિક પ્રોટીન્સ ઈન્ડસ્ટ્રીઝ
જય ભવાની ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ-૨ જીઆઈડીસી-૨ની સામે, રાજકોટ રોડ, સાબલપુર, જૂનાગઢ - ૩૬૨ ૦૦૭ ફોન : ઓ. ૨૬૬૦૦૮૯
મો. ૯૮૨૫૨ ૦૯૦૪૪, ૯૮૨૫૩ ૧૬૬૯૦, ૯૮૨૫૩ ૧૬૬૮૯
: ઉત્પાદક :
સ્વસ્તિક બ્રાન્ડ બેસન-લિબર્ટી બ્રાન્ડ બેસન - સુપરબ્રાન્ડ બેસન તેમજ અન્નપૂર્ણા બ્રાન્ડ સિલ્કી તથા મોટી ચણાદાળનાં ઉત્પાદક

# માળીયાનાં ખોરાસા ખાતે ખેડૂત સન્માન દિવસની ઉજવણી

## ખેડૂતોને કૃષિ કીટ, ગાય નિભાવ ખર્ચ, તાર ફેન્સીંગ સહિતની યોજનાના લાભ અપાયા






જૂનાગઢ, તા.૬

માળીયા તાલુકાના ખોરાસા ખાતે રાજ્યના સંગીત અને નાટક અકાદમીના ચેરમેન પંકજભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં કૃષિ અને ઊર્જા વિભાગની ખેડૂત સહાય યોજના અંતર્ગત ખેડૂત સન્માન દિવસ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સંગીત અને નાટક અકાદમીના ચેરમેન શ્રી પંકજભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, ખેડૂતો માટે સરકારશ્રીએ સાત પગલા ખેડુતો માટે સહિત અનેક યોજનાઓના અમલી બનાવી છે. જેનો લાભ લેવા તેમણે ખેડુતોને અનુરોધ કર્યહતો.

બાગાયત અધિકારી જીગ્નાશા રાજતીયાએ ફળ, ફૂલ અને મધ સહિતની બાગાયત ખેતી અનેતેના લાભઅંગેવિસ્તૃત માહિતી આપી હતી. તે ઉપરાંત પીજીવીસીએલ કેશોદના કાર્યપાલક ઈજનેર યુ.એન.કણસાગરા એ કિસાન સૂર્યોદય અંગે વિગતવાર માહિતી આપી હતી. કૃષિ અને ઊર્જા વિભાગના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી વી.ડી.કરડાણી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રામસીભાઈ ડોડીયા, પ્રાંત અધિકારી સાકરીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ચંદુભાઈ મકવાણા, તાલુકા ભાજપપ્રમુખ રાજેશભાઈ ભાલોડીયા, તાલુકા પંચાયત માળીયાના ઉપપ્રમુખ કાનજીભાઈ યાદવ, ખોરાસાના સરપંચ હરેશભાઈ પરમાર, તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ આશિષભાઈ લાડાણી, જિલ્લા પંચાયત સદસ્ય હિતેશભાઈ જાવિયા તથા અગ્રણી રાજાભાઈ નંદાણીયા અને રાજેશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ખોરાસા ખાતે યોજાયેલ કિસાન સન્માન દિવસ નિમિત્તે રાજય સંગીત નાટક અકાદમીના ચેરમેન તથા અન્ય મહાનુભાવોના હસ્તે ખેડૂતોને તાલપત્રી, તાર ફેન્સીંગની સહાયના સાધનો તથા ગાય નીભાવખર્ચ, સ્માર્ટ હેન્ડ ટુલકીટ અંગેના મંજૂરીપત્રો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ખેડૂતોની સાફલ્યગાથા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ખેતીવાડી અધિકારી દીપક રાઠોડ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને આભારવિધિ પીજીવીસીએલના કાર્યપાલક ઈજનેર શ્રી કણસાગરાએ કરી હતી.

**હવે હું છત્રી રાખી શાકભાજી વેચીશ**

માળિયાના ઘુમલી ગામે રહેતા જયદીપભાઈ જગમાલભાઈ પરમારે જણાવ્યું હતું કે, હું છેલ્લા બે વર્ષથી ગડુ ખાતે શાકભાજી વેચુ છુ. રાજય સરકારની છત્રી યોજનામાં મને છત્રી મળી છે. હું હવે શાકભાજી વેચી રોજગારી વધારી સરકારશ્રીનો આભાર માનું છુંકે અમારા જેવા નાના વેપારીઓનું પણ ધ્યાન રાખે છે.

**તાર અને ફેન્સીંગ યોજનાનો લાભ મળ્યો : રૂડાભાઈ**

મારૂ નામ રૂડાભાઈ કરસનભાઈ સવેરા છે. હું માળીયા તાલુકાના સમઢીયાળા ગામ ખાતે રહી ખેતી કરૂ છું મને ખેતી સાધન સહાય યોજના વિશે માહિતી મળતા મે તાર ફેન્સીંગ યોજનામાં ફોર્મ ભર્યુંહતું અને તે મંજુર થતા હવે મને તાર ફેન્સીંગનો લાભ મળ્યો છે. આથી હવેહું મારી જમીન ફરતે ફેન્સિંગ કરી જંગલી જાનવરોથી મારા પાકનું રક્ષણ મેળવી શકીશ.

**દર મહિને ગાય નિભાવ ખર્ચ માટે રૂપિયા ૯૦૦ બેંક ખાતામાં જમા થઈ જાય છે : માનસીભાઈ**

માળીયા તાલુકાના સુખપુર ગામે રહેતા માનસીભાઈ પીઠાભાઈ પરમારે જણાવ્યું હતું કે, મારે બે ગાયો છે. ગાય નિભાવ ખર્ચ માટે રાજય સરકારશ્રીની યોજનાનો મને લાભ મળી રહ્યો છે. એક ગાયના નિભાવ ખર્ચ માટે દર મહિને રૂપિયા ૯૦૦ બેંક ખાતામાં જ જમા થઈ જાય છે સરકારનો આભાર માનીએ છીએકે હવે તો ગાય નિભાવખર્ચ માટે પણ રૂપિયા આપે છે આથી ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનો પણ લાભ લઈ રહ્યા છે

**કિસાન સૂર્યોદય યોજના થકી રાત્રી ઉજાગરા બંધ થયા**

માળિયાના શાંતિપરા ગામે રહેતા જેઠાભાઈ જોટવા એ જણાવ્યું હતું કે, સરકારશ્રીની કિસાન સૂર્યોદય યોજનાનો લાભ અમારા ગામના ખેડૂતોને મળે છે. આ યોજનાથી ખેડૂતો ખુશ થયા છે. કારણ કે પહેલા રાત્રિના પિયત કરવા જવું પડતું આથી જંગલી જાનવરોનો ડર લાગતો પણ હવે દિવસે લાઈટ મળતા રાત્રીના ઉજાગરા બંધ થયા છે અને ખેડૂતો દિવસે પિયત કરી રહ્યા છે.

## નારી ગૌરવ દિવસ અંતર્ગત જૂનાગઢ જીલ્લામાં ૨૬ આંગણવાડીઓનું લોકાર્પણ તેમજ ૧૧નું ખાતમુહૂર્ત કરાયું



જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લામાં વિવિધ તાલુકા કક્ષાએ નારી ગૌરવ દિવસની ઉજવણી તા.૪ ઓગસ્ટના રોજ કરવામાં આવી હતી.જેમાં તાલુકાઓમાં કુલ ૨૬ આંગણવાડીઓનું લોકાર્પણ મહાનુભવોના હસ્તે કરવામાં આવ્યું હતું તેમજ તેમાં ૧૧ આંગણવાડીઓના મકાન બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાંઆવ્યું હતું. નારી ગૌરવ દિવસ નિમિત્તેકરાયેલ ઉજવણી અંતર્ગત ભેંસાણ ઘટકમાં મુખ્ય સેવિકાઓના બે સેજા કચેરીનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં માણાવદર તાલુકાના ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ દ્વારાઆંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિસાવદર ઘટકમાંઢેબર ગામેજિલ્લા પંચાયત પ્રમુખશ્રી શાંતાબેન ખટારીયા દ્વારા લોકાર્પણ કરાયું હતું. તેમજ ભેસાણ તાલુકાના રાણપુર ગામે જિલ્લાપંચાયતના મહિલા અને બાળ વિકાસ સમિતિના અધ્યક્ષ ભાનુબેન ગુજરાતીના હસ્તે સેજા કચેરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વિરપુર ખાતે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ વિપુલભાઈ કાવાણી દ્વારા આંગણવાડી કેન્દ્રનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, જુદા-જુદા તાલુકાઓમાં જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન, કારોબારીઅધ્યક્ષતેમજ સદસ્ય તથા સરપંચઓનાહસ્તેનારી ગૌરવદિવસ નિમિત્તેનીઉજવણી અંતર્ગત લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

## જૂનાગઢ મહિલા આઈ. ટી. આઈ. ખાતે નારી ગૌરવ દિન અંતર્ગત કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૬ : જૂનાગઢ મહિલા આઈ. ટી. આઈ. ખાતે નારી ગૌરવ દિન અંતર્ગત મહિલા સશક્તિકરણ દિન સંદર્ભે તા. ૪ ઓગષ્ટના રોજ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ઓએસસી ઈન્સીયાબેન માકડા તથા એડવોકેટ દર્શનાબેન કનેરીયા ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિએ કાર્યક્રમમાં દરમ્યાન મહિલાઓને લગતા તમામ પ્રશ્નો તેમજ તેમના સબંધી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન આઈ.ટી.આઈ. જૂનાગઢના આચાર્ય આર.પી.ભટ્ટીએ કર્યું હતું. તેમજ તેમના માર્ગદર્શન હેઠળ ફોરમેન ઈન્સ્ટ્રક્ટર, આઈ. ટી. આઈ. જૂનાગઢ નેહાબેન સોલંકી દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો.

### જૂનાગઢ શિક્ષણાધિકારીની કચેરી તથા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા

## નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝ ૨૦૨૧નું આયોજન થશે

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ શિક્ષણાધિકારીની કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા નેશનલ રૂરલઆઈ.ટી.ક્વિઝ ૨૦૨૧નું આયોજન કરવામાં આવશે.

શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝ ૨૦૨૧નું આયોજન કરવામાં આવેલ છે. જે ભારત સરકારના વિજ્ઞાનઅને ટેકનોલોજીમંત્રાયલ તથા ટાટા કન્સ્લટન્સી બેંગ્લોર દ્વારા સમગ્ર ભારત દેશમાં છેલ્લા ૧૨ વર્ષથી આ કાર્યક્રમ યોજવામાં આવે છે.

આ વર્ષે ઓનલાઈનના માધ્યમથી આ કવિઝનુંઆયોજન કરવામાં આવેલ છે. કોવિડ ૧૯ કોરોનાકાળમાં બાળકોને વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં વધુ જાગૃત થાય તેવા હેતુથી આ કિવઝ રમાડવામાં આવે છે. જેમા ધોરણ ૮થી ૧૨ સુધીના વિધાર્થીઓ ભાગ લઈ શકેછે. કિવઝમાં શાળા કક્ષાએથી રજીટ્રેશન કરવાનું રહેશે. (રજીટ્રેશન માટે અહીં આપેલ નંબર ઉપર સંપર્ક કરી લિંક મોકલવામાં આવશે ૯૪૨૯૪ ૩૩૪૪૯ ) આ સ્પર્ધા ત્રણ તબક્કા માં ઓગસ્ટ માસમાં ઓનલાઈન માધ્યમથી યોજવામાં આવશે. વધુ માહિતી માટે શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, વંથલી રોડ, બીલનાથ મંદિર પાસે જૂનાગઢ( મો.નં. ૯૪૨૯૪ ૩૩૪૪૯ ) નો સંપર્ક કરવા લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર દ્વારા જણાવાયું છે

### અંધ કન્યા છાત્રાલય જૂનાગઢ દ્વારા

## તમામ કેટેગરીમાં દિવ્યાંગો માટે પ્રથમ રસીકરણ કેમ્પનું આયોજન

જૂનાગઢ, તા.૬

તમામ કેટેગરીના દિવ્યાંગો માટે પ્રથમ વેક્સિનેશન કેમ્પનું આયોજન કરતી અંધ કન્યા છાત્રાલય જૂનાગઢ તેમજ આજુ બાજુમાં વસવાટ કરતા ૧૮ વર્ષથી ઉપરના તમામ કેટેગરીના દિવ્યાંગો માટે આગામી તારીખ ૧૪ ઓગસ્ટના રોજ શનિવારે ૧૦ વાગે અંધ કન્યા છાત્રાલય સૈયદની ટાંકી પાસે વૃંદાવન ડેરીની બાજુમાં જવાહર રોડ જૂનાગઢ દ્વારા દિવ્યાંગો માટે રસીકરણ દિવ્યાંગ કેમ્પનું આયોજન કરેલ છે તો આ કેમ્પમાં પ્રથમ તેમજ દ્વિતીય વેક્સિનલેવા ઈચ્છતા દિવ્યાંગોએ છાત્રાલયના ટ્રસ્ટી મુકેશગિરી મેઘનાથી મો.નં.૯૪૨૮૪ ૩૮૭૯૮ ઉપર કોન્ટેક કરી રજીસ્ટ્રેશનકરાવી લેવું અનેવધુમાં વધુ દિવ્યાંગો આ કેમ્પમાં જોડાવા માટે તત્પર બને અને કોરોનાની ગાઈડ લાઈન મુજબ તમામ દિવ્યાંગો પાલન કરે તેમ સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું.

## નારી ગૌરવ દિવસ નિમિત્તે મહિલાલક્ષી યોજનાનાં લાભાર્થી મહિલાઓનું સન્માન કરાયું



જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ નારી ગૌરવ દિવસની ઉજવણી તા. ૪/૮/૨૦૨૧ ના રોજ જૂનાગઢ શહેર તેમજ માણાવદર અને વિસાવદર તાલુકાકક્ષાએ કરવામાં આવી હતી. જેમાં મહિલાલક્ષી યોજનાના લાભાર્થીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાઓમાં વ્હાલી દીકરી યોજના હેઠળ કુલ ૩૧૧ લાભાર્થીઓને મંજુરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત કુલ ૩૦૦ લાભાર્થીઓને મંજુરી પત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે જન્મ લેનાર કુલ ૭ દીકરીને દીકરીને વધામણા કીટ અને વ્હાલી દીકરી યોજનાના ફોર્મ વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ વ્હાલી દીકરી યોજના અંતર્ગત આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોનું તેમની શ્રેષ્ઠ કામગીરી માટે સન્માન કરવામાં આવ્યું હતું.

# રિલાયન્સ બી.પી. મોબિલિટી લિમિટેડે સ્વિગી સાથેની ભાગીદારીમાં ઈલેક્ટ્રીકલ વ્હિકલ માટેની પ્રતિબદ્ધતાની જાહેરાત કરી

## આગામી પાંચ વર્ષમાં જિયો બી.પી.નો તેના રિટેલ આઉટલેટ્સ ઉપર હજારો બેટરી સ્વેપ સ્ટેશન્સનું વિતરણ નેટવર્ક તૈયાર કરવાનો લક્ષ્યાંક

મુંબઈ, તા.૬

મજબૂત ઈલેક્ટ્રિક વ્હિકલ (EV) ઈકોસિસ્ટમ તૈયાર કરવાના પ્રયાસમાં સહિયારૂ યોગદાન આપવામાં રિલાયન્સ બી.પી. મોબિલિટી લિમિટેડ (RBML) અને સ્વિગી દ્વારા ભારતના સૌથી મોટા ફૂડ ડિલિવરી પ્લેટફોર્મની ડિલિવરી ફ્લિટમાં ઈલેક્ટ્રિક વ્હિકલ્સના ઉપયોગની ટ્રાયલ શરૂ કરી તેની સંખ્યા વધારવા માટેની પ્રતિબદ્ધતા જાહેર કરવામાં આવી છે. આ સહભાગિતાનો હેતુ એ છે કે બેટરી-ઓપરેટેડ ઈલેક્ટ્રિક વ્હિકલ્સના ઉપયોગને પ્રોત્સાહન મળે, જેમાં ઈલેક્ટ્રિક ટુ-વ્હિલર્સને અપનાવવાની પ્રક્રિયાને જિયો-બી.પી.ના બેટરી સ્વેપ સ્ટેશન્સના વિશાળ નેટવર્કની અને સ્વિગીના ડિલિવરી પાર્ટનર્સના નેટવર્કની મદદ મળી રહેશે.

ઉદ્યોગજગતના બે અગ્રણીઓ વચ્ચેની સહભાગિતાનો મુખ્ય હેતુ એ છે કે બંને પક્ષની ક્ષમતા, પહોંચ અને ટેક્નોલોજીની તાકાતનું સંયોજન કરીને ઈનોવેટિવ બિઝનેસ મોડેલ્સ થકી ડિલિવરી ફ્લિટ્સ માટે પર્યાવરણ રક્ષક અને પોસાય તેવી કિંમતનું સોલ્યૂશન પૂરૂ પાડવામાં આવે. ઈમ્સ્ન સ્વિગીના સહયોગથી અનેક જગ્યાએ જિયો-બી.પી. બેટરી સ્વેપિંગ સ્ટેશન્સ સ્થાપશે અને સ્વિગીના ડિલિવરી પાર્ટનર્સ તથા સ્વિગીના સ્ટાફને બેટરી સ્વેપિંગ અંગેની કામગીરી માટે તમામ પ્રકારની ટેકનિકલ સહાય અને તાલીમ પૂરી પાડશે.

રિલાયન્સ બી.પી. મોબિલિટી લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર હરિશ સી. મહેતાએ કહ્યું હતું કે, “ભારત સરકારના ઈલેક્ટ્રિક મોબિલિટી માટેના વિઝનમાં યોગદાન આપવાના હેતુ સાથે ઈમ્સ્નએ ઈ-મોબિલિટી સેવા ક્ષેત્રમાં પદાર્પણ કર્યું છે અને દેશમાં ઈલેક્ટ્રિક વ્હિકલ્સ અપનાવવાની ગતિ ઝડપી બનાવવામાં મદદરૂપ સાબિત થાય તેવી ઈકોસિસ્ટમ તૈયાર કરવા માટે અમે પ્રતિબદ્ધ છે. ઈલેક્ટ્રિફિકેશનમાં બી.પી.ના વિશ્વકક્ષાના અનુભવોમાંથી શ્રેષ્ઠત્તમ અનુભવોનો ઉપયોગ કરીને RBML ઈલેક્ટ્રિક વ્હિકલના ચાર્જિંગ હબ્સ અને બેટરી સ્વેપિંગ સ્ટેશન્સ સહિતની મજબૂત અને ટકાઉ માળખાગત સુવિધાઓ વિકસાવશે જે તમામ સ્ટેકહોલ્ડર્સને ડિજિટલ સેવાઓ આપશે. સ્વિગી સાથેના અમારા જોડાણમાં દેશની ડિલિવરી અને ટ્રાન્સપોર્ટેશન કંપનીઓને ઈફ અપનાવવાની કામગીરી ઝડપી બનાવવા અને આ ક્ષેત્રે નવો ચીલો ચાતરવામાં મદદરૂપ થવાની ક્ષમતા છે. અમને સ્વિગી તથા તેમના ડિલિવરી પાર્ટનર્સમાં સંપૂર્ણ વિશ્વાસ છે કે તેમને અમારા વિશાળ બેટરી સ્વેપિંગ સ્ટેશન્સના નેટવર્કનો મહત્તમ ફાયદો થશે.”

સ્વિગીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર હર્ષા મજેટીએ કહ્યું હતું કે, “વેપારનો વિકાસ તેના તમામ સ્ટેકહોલ્ડર્સના હિતમાં, સમુદાયના કલ્યાણમાં અને પર્યાવરણ ઉપર ન્યુનતમ અસર કરે તેવો હોવો જોઈએ. સ્વિગીની ફ્લિટ દર મહિને લાખો ઓર્ડર્સ ડિલિવર કરે છે અને પાર્ટનર્સ દરરોજ ૮૦-૧૦૦ કિલોમીટર્સની આવન-જાવન કરે છે. જયારે અમે અમારા ગ્રાહકોને વિશેષ અનુકૂળતા પૂરી પાડવા માટે સતત પ્રયત્નાશીલ છીએ ત્યારે અમારી કાર્યપ્રણાલિના કારણે પર્યાવરણ પર થતી અસરો પ્રત્યે પણ એટલા જ સભાન છીએ અને અમારી સફર નિરંતર ચાલતી રહે તે માટે જરૂરી પગલાં પણ લઈએ છીએ. ઈલેક્ટ્રિક વ્હિકલને અપનાવવાનું પગલું આ દિશામાં મહત્વનું બની રહેશે. આ પગલું પર્યાવરણ પર હકારાત્મક અસર તો કરશે જ સાથે સાથે અમારા ડિલિવરી પાર્ટનર્સને વધુ કમાણી કરવા માટે સશક્ત બનાવશે.”

સમગ્ર દેશમાં બેટરી સ્વેપિંગ સ્ટેશન્સનું ભારતનું સૌથી વિશાળ નેટવર્ક તૈયાર કરવાના વિઝન સાથે, RBML ઈલેક્ટ્રિક વ્હિકલ વેલ્યૂ ચેઈનના તમામ સ્ટેકહોલ્ડર્સના હિતમાં એક ઈકોસિસ્ટમ તૈયાર કરવા જઈ રહ્યું છે. ભારતમાં ડિલિવરી અને ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રની કંપનીઓ ઝડપથી ઈલેક્ટ્રિક વ્હિકલ અપનાવતી થાય અને આ ક્ષેત્રે ક્રાંતિ આવે એ પ્રક્રિયામાં સ્વિગી સાથે કંપનીનું આ જોડાણ મહત્વનું સાબિત થશે. રોડ ઉપર મહત્તમ સફર આપી શકે તે માટેની હાઈ-પર્ફોર્મન્સ બેટરીઓ માટે સ્વેપિંગ ગણતરીની મિનિટોમાં કરી શકાય છે, બે અને ત્રણ પૈંડાના વાહનો માટે બેટરી સ્વેપિંગ ખૂબ જ આદર્શ ઉકેલ છે, ખાસ કરીને લાસ્ટ-માઈલ ડિલિવરીમાં મૂકવામાં આવેલા વાહનો માટે. જિયો-બી.પી. દ્વારા તેના રિટેલ આઉટલેટ્સ પર આગામી પાંચ વર્ષ દરમિયાન તેના હજારો બેટરી સ્વેપિંગ સ્ટેશન્સ સ્થાપવાનો લક્ષ્યાંક ધરાવે છે, આ ઉપરાંત સમગ્ર દેશમાં મોટા રહેણાક અને વ્યાપારી સંકુલોમાં, મોલ્સમાં, હોટેલ્સમાં, બિઝનેસ પાર્ક્સમાં, આઈટી હબ્સમાં અને પાર્કિંગમાં પણ સ્વેપિંગ સ્ટેશન્સ સ્થાપશે. લાસ્ટ માઈલ ડિલિવરી અને પેસેન્જર સેગમેન્ટમાં બેટરી સ્વેપિંગ અગ્રણી ભૂમિકા નિભાવશે.

ઈન્ટિગ્રેટેડ ઈવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેયર તરીકે જિયો-બી.પી. કાર (B2B ફ્લિટ અને B2C સેગમેન્ટ) અને બસ સેગમેન્ટ માટે ઈફ ફિક્સ્ડ ચાર્જિંગ સ્ટેશન્સ તૈયાર કરવા માટે અગ્રણી ‘ઈસ્જ, ટેક્નોલોજી અને પ્લેટફોર્મ્સ પ્લેયર્સ સાથે સહભાગિતા કરી રહ્યું છે. આ સ્ટેશન્સ નજીકના ભવિષ્યમાં શહેરી વિસ્તારોમાં જોવા મળશે. ઈલેક્ટ્રિફિકેશનમાં બી.પી.ના વિશ્વકક્ષાના અનુભવોનો જિયો-બી.પી.ને લાભ મળશે અને તેનો ભારતીય બજારમાં ગ્રાહકોને ખુશ કરે તેવો અલાયદો અનુભવ તૈયાર કરવામાં અમલી બનાવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# પેગાસસ જાસૂસી કાંડનું સત્ય બહાર આવે તો રાજકીય ક્ષેત્રે ભૂકંપ સર્જાઈ શકે ?

ભારત સહિત વિશ્વના દેશોને હચમચાવી નાખનાર પેગાસસ જાસૂસી કાંડ મુદે ભારતના વિપક્ષો એકજૂટ થઈ લોકસભા અને રાજ્યસભામાં આક્રમકતાથી ભારે વિરોધ કરી રહ્યા છે છતાં સરકાર આ મુદા માટે તપાસ કરાવવા તૈયાર નથી થઈ રહી કે ગૃહમાં આ મુદે ચર્ચા કરવા તૈયાર નથી અને કેન્દ્ર સરકાર પેગાસસ જાસૂસી કાંડ નો ઈન્કાર કરી રહી છે. જયારે કે લોકશાહી દેશમાં વિપક્ષોની માંગને લઈને જવાબ આપવો જરૂરી છે...... પરંતુ વિપક્ષના વિરોધનો જવાબ બંને ગૃહોની કાર્યવાહી સમય મર્યાદા સુધી મુલતવી રાખીને પેગાસસ જાસૂસી કાંડને નગણ્ય ગણી રહી હોય તેમ લાગી રહ્યું છે......! ઈઝરાયેલના સોફ્ટવેર પેગાસસ દ્વારા વિવિધ દેશોની સરકારો રાજકીય નેતાઓ, પત્રાકારો અને માનવાધિકાર કાર્યકરોની જાસૂસી કરવાના થયેલા ખુલાસાએ ભારત સહિત વિશ્વના દેશોમાં ભારે ઉહાપોહ મચાવી દીધો છે. દેશમાં પણ પેગાસસ જાસૂસી કાંડ મુદે વિરોધ પક્ષોએ એકજૂટ થઈને આક્રમક વિરોધ દર્શાવી આ મુદ્દે કેન્દ્ર સરકારની સ્પષ્ટતાની માંગણી કરી રહ્યા છે.... પરંતુ સરકાર તેનો ઈન્કાર કરી રહી છે. જોકે પેગાસસનો મુદ્દો અગાઉ પણ ચર્ચામાં આવી ગયો છે. જયારે કે પેગાસસ બનાવતી ઈઝરાયેલની કંપનીના દાવા અનુસાર પેગાસસ સ્પાઈવેર ફકત જે તે દેશની સરકારોને જ વેંચવામાં આવે છે અને આજ સુધી ૩૭ દેશોને આ સોફ્ટવેર વેંચ્યા છે. અને તેમાં પણ ભારત સામેલ હોવાનું કહેવાય છે......! આ સોફ્ટવેર દ્વારા લોકોના સ્માર્ટ ફોન હેક કરીને તેઓની જાસૂસી થઈ શકે છે. સ્માર્ટફોનમા ઘુસી જઈને ફોન કોલ, એસ.એમ.એસ, વોટ્સએપ, મેસેજ, બ્રાઉઝર, ઈમેલ તથા પાસવર્ડ માહિતી ચોરીશકે છે.... ઉપરાંત ફોનના કેમેરા તથા માઈકને કંટ્રોલ કરી આસપાસ ચાલતી જે તે ગતિવિધિ રેકોર્ડ કરીશકે તેમ કહેવાય છે. જોકે ગ્રાહકોની જાસૂસી બાબતે સોશ્યલ મીડિયા નેટવર્કિંગ એપ વોટ્સએપે ૨૦૧૯માં કંપની સામે કેસ કર્યો હતો. તેમજ વોટ્સએપની માલિક ફેસબુકે અમેરિકામાં કેસ કરવા દાવો કરેલ, તો ફ્રાન્સમાં કેસ કરવામાં આવેલ છે અને તેના અનુસંધાને તપાસ ચાલી રહી છે......!

ભારતમાં પેગાસસ જાસૂસીકાંડમાં વિરોધપક્ષો એક જૂટ થઈ ભારે હંગામો મચાવી રહ્યા છે ત્યારે બીજી તરફ સુપ્રીમ કોર્ટમાં રાજનેતા, એડિટર ગિલ્ડ ઓફ ઈન્ડિયા અને વરિષ્ઠ પત્રાકારો એન રાવ અને શશીકુમાર વગેરેએ પેગાસસ જાસૂસીકાંડ બાબતે સ્વતંત્ર તપાસ કરવા માટે જુદી જુદી અરજીઓ દાખલ કરેલ હતી જેની સુનાવણી આજે મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમણ અને ન્યાયમૂર્તિ સૂર્યકાંતની બેન્ચ કરી રહી છે. કોર્ટમાં અરજદારો વતી વરિષ્ઠ ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટમા જણાવ્યું હતું કે, આ સ્પાઈવેર ફક્ત સરકારી એજન્સીઓને જ વેંચવામાં આવે છે ખાનગી સંસ્થાઓને વેચી નથી શકાતું. એન.એસ.ઓ. ઔદ્યોગીક વૈશ્વીક સ્તારે સામેલ છે. તેઓએ રજૂઆતમાં કહ્યું કે, પેગાસસ એક દૂષ્ટ અથવા કપટી ટેકનીક છે..... જે આપણી જાણ બહાર આપણા જીવનમાં પ્રવેશ કરે છે જે અમારી પ્રજાસત્તાકની અંગતતા, ગરિમા અને મૂલ્યો ઉપરનો હુમલો છે. અત્રો નોંધવું રહ્યું કે, આંતરરાષ્ટ્રીય મીડિયા સંઘે એક સમયે અગાઉ સમાચારમાં દાવો કર્યો હતો કે, ૩૦૦ જેટલા ભારતના મોબાઈલ ફોન નંબર પેગાસસ સ્પાઈવેર દ્વારા સંભવિત નિશાન ઉપર જાસૂસી માટે યાદીમાં હતા. જયારે એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાએ પોતાની અરજીમાં અનુરોધ કરેલ છે કે પત્રાકારો અને અન્યોની સર્વિલાસની તપાસ કરવા માટે વિશેષ તપાસ દળ (એસઆઈટી) બનાવવામાં આવે..... ટૂંકમાં પેગાસસ જાસૂસી કાંડમાં સત્ય બહાર આવશે ત્યારે ભારત સહિત કેટલાક દેશોમાં મોટો રાજકીય ભૂકંપ સર્જાઈ શકે તેવી સંભાવના વધી છે.....!

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વ્યસ્ત વ્યક્તિને આંસુ સારવાનો પણ સમય મળતો નથી.

-બાયરન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૦, મુ. જિલ્હજ-૧૪૪૨, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, અષાઢ વદ-૧૩ શિવરાત્રી તા.૬ ઓગષ્ટ ૨૦૨૧, શુક્રવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૬, આર્દ્રા નક્ષત્ર, વજ્ર યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૩, સૂ.અ.૧૯:૩૦ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (કછઘ), રાત્રે ૧:૫૨ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડહ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : રોકાયેલા નાણાં છૂટા થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
વૃષભ : આર્થિક સ્થિતિ તંગ રહે. વડીલ વર્ગ સાથે મતાભેદ સર્જાય.
મિથુન : પારિવારીક વિષમતા રહે. આવક-જાવક સરભર રહે.
કર્ક : વ્યર્થ દોડા-દોડી રહે. સ્વાસ્થય બાબતે સંભાળવું.
સિંહ : વાણી સંયમ જાળવવો હિતાવહ. યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય.
કન્યા : અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. જોખમી કાર્યોમાં હાનિનો સંભવ.
તુલા : મનમાં અકારણ ચિંતા રહે. પારિવારીક જવાબદારીમાં વધારો થાય.
વૃશ્ચિક : પારિવારીક કાર્યમાં ક્રિયાશીલ રહેવાય. મનમાં પ્રસન્નતા રહે.
ધન : મોજ-શોખ પાછળ ખર્ચ થાય. સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે.
મકર : મનની મુરાદ બર આવે. અગત્યની યોજના પાર પડે.
કુંભ : આર્થિક સ્થિતિ સુધરતી જણાય. અકારણ ક્રોધ રહે.
મીન : કામકાજમાં વ્યસ્ત રહેવાય. મહેનતનું ફળ મળે.

# કોરોનાનાં ડેલ્ટા વેરિઅન્ટનો અત્યાર સુધી ૧૩૫ દેશોમાં પગપેસારો : WHO

## કાળમુખો કોરોના અત્યાર સુધીમાં વિશ્વમાં ૪૨ લાખથી વધુને ભરખી ગયો

જિનિવા તા.૬

કોરોનાના નવા નવા સ્વરૂપથી સમગ્ર દુનિયામાં હજુ તેનું જોખમ ઓછું નથી થયું. કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટે હાલમાં હાહાકાર મચાવ્યો છે અને હવે દુનિયાના ૧૩૫ દેશોમાં પગપેસારો થયો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મતે વિશ્વમાં આગાહમી સપ્તાહ સુધીમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨૦ કરોડને પાર થવાની સંભાવના રહેલી છે. ડબલ્યુએચઓના સાપ્તાહિક અહેવાલ મુજબ વિશ્વમાં ૧૩૨ દેશોમાં કોરોનાના બેટા વેરિઅન્ટ તેમજ ૮૧ દેશોમાં ગામા વેરિઅન્ટના કેસો નોંધાયા છે. આ ઉપરાંત ૧૮૨ દેશોમાં આલ્ફા વેરિઅન્ટના કેસો સામે આવ્યા છે. ભારતમાં સૌપ્રથમ જોવા મળેલા ડેલ્ટા વેરિઅન્ટના અત્યાર સુધીમાં વિશ્વના ૧૩૫ દેશોમાં કેસો નોંધાયા છે. છેલ્લા એક મહિનાથી વધુના સમયગાળામાં કોરોનાના નવા કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ગત સપ્તાહમાં એટલે કે ૨૬ જુલાઈથી ૧ ઓગસ્ટ સુધીમાં કોરોનાના ૪૦ લાખ કેસ નોંધાયા છે. કોરોનાના નવા કેસોમાં વધારો પૂર્વિય ભૂમધ્ય અને પશ્ચિમ પેસિફિક ક્ષેત્રાોને લીધે થયો છે જયાં અનુક્રમે ૩૭ ટકા અને ૩૩ ટકા કેસોમાં વધારો નોંધાયો છે. દક્ષિણ-પૂર્વ એશિયામાં નવા કેસોમાં ૯ ટકાની વૃદ્ધિ થઈ છે. આ સપ્તાહમાં કોરોનાથી ૬૪,૦૦૦ દર્દીના મૃત્યુ થયા હતા જેમાં ગત સપ્તાહની તુલનાએ ૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. વર્તમાન સમયે કોરોનાના વૈશ્વિક સ્તરે કેસની સંખ્યા ૧૯.૭ કરોડને આંબી ગઈ છે તેમજ કોરોનાથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૪૨ લાખ થઈ છે. આ ટ્રેન્ડ આગળ યથાવત્ રહેતા આગામી સપ્તાહ સુધીમાં કોરોનાના નવા કેસની સંખ્યા વધીને ૨૦ કરોડને પાર થઈ શકે છે તેમ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને જણાવ્યું છે. ગત સપ્તાહમાં અમેરિકામાં સૌથી વધુ ૫,૪૩,૪૨૦ નવા કેસ નોંધાયા હતા જે ૯ ટકાનો વધારો સુચવે છે. ભારતમાં સાત ટકાના વધારા સાથે સપ્તાહમાં ૨,૮૩,૯૨૩ કેસ નોંધાયા હતા. ઈન્ડોનેશિયામાં ૨,૭૩,૮૯૧ નવા કેસ, બ્રાઝીલમાં ૨,૪૭,૮૩૦ નવા કેસ સામે આવ્યા હતા જે ૨૪ ટકાનો ઉછાળો દર્શાવે છે અને ઈરાનમાં ૨૭ ટકાના વધારા સાથે ૨,૦૬,૭૨૨ કેસ નોંધાયા હતા. દક્ષિણ પૂર્વ એશિયામાં ભારતમાં સૌથી વધુ કેસ નોંધાયા હોવાનું ડબલ્યુએચઓએ રિપોર્ટમાં જણાવ્યું છે. એક અંદાજ મુજબ ભારત, ઈન્ડોનેશિયા અને થાઈલેન્ડનો મળીને નવા કેસોમાં ૮૦ ટકા ફાળો રહ્યો છે.

# ગુજરાત અને તામિલનાડુમાં થતા મીઠાનાં ઉત્પાદનમાં માઈક્રોપ્લાસ્ટીકનાં કણ, સ્વાસ્થ્ય માટે જોખમકારક

નવી દિલ્હી તા.૬

દેશભરમાં ૭૬ ટકા મીઠાનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે, જેમાં કચ્છના રણ, સુરેન્દ્રનગરના ખારાઘોડા, ભાવનગર, પોરબંદરમાં મીઠા ઉત્પાદકનાં મોટા કેન્દ્રો આવેલાં છે. મીઠાનો ઉપયોગ મોટા ભાગની ખાદ્ય સામગ્રીમાં થાય છે, પરંતુ તાજેતરમાં જ તામિલનાડુનીત્રણ યુનિવર્સિટીએ કરેલા મીઠાના સર્વેમાં અનેક ચોંકાવનારી વાતો સામે આવી છે. દેશના મીઠાનું ઉત્પાદન કરતાં ૫ રાજયના મીઠાના નમૂના લેવામાં આવ્યા હતા, જેમાં ગુજરાત અને તામિલનાડુમાં થતા મીઠાના ઉત્પાદનમાં માઈક્રોપ્લાસ્ટિકના કણ મળી આવ્યા છે, એટલે કે આપણે દરરોજ જે મીઠાનો ઉપયોગ કરી રહ્યા છે એમાં ફાઈબર આકારના માઈક્રોપ્લાસ્ટિકના કણો હોયછે, જે લાંબા ગાળે સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. તામિલનાડુની યુનિવર્સિટી ઓફ પેરિયાના આસિસ્ટન્ટ પ્રોફેસર એ. વિદ્યાસાકરનાજણાવ્યા અનુસાર, મોટા ભાગના માઈક્રોપ્લાસ્ટિક ખાદ્ય મીઠા પોલિઈથિલિન, પોલિએસ્ટર અને પોલિવિનાઈલ કલોરાઈડના હતા અને આ માઈક્રોપ્લાસ્ટિક મીઠાની કંપનીઓના પ્રોસેસિંગ અને પેકેજિંગ ડિપાર્ટમેન્ટમાંથી આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સર્વે સમયે ૭૪.૩ ટકા માઈક્રોપ્લાસ્ટિક લાલ અનેવાદળી ફાઈબર મટીરિયલના મળી આવ્યા હતા. આ રાજયોએ મીઠાની આ સમસ્યાને ગંભીરતાથી લે અને મીઠાની રિફાઈનિંગપ્રક્રિયામાં વધુસુધારો કરવો જોઈએ. મીઠામાં જે ભેળસેળજોવા મળી એમાં ૭૮ ટકા પોલિઈથિલિન અને ૧૯ ટકા પોલિએસ્ટરનો સમાવેશ થાયછે. એટલું જ નહીં, પોલિવિનાઈલ કલોરાઈડ-પીવીસી પણ એમાં જોવા મળ્યુંહતું, કેટલાંકસેમ્પલમાં તો ૫ મિમીથી પણ મોટા માઈક્રો પ્લાસ્ટિકના કણો મળી આવ્યા હતા, સાથે જ ક્રિસ્ટલ મીઠાના પેકેટમાં ૧૬.૨ ટકા અને૧૫ટકા માઈક્રોપ્લાસ્ટિક તો ૫૦૦-૧૦૦ માઈક્રોમીટરઅને૧ મિમીથી પણ મોટા આકાર મળી આવ્યા હતા, જયારે ૩૧.૨ ટકા પાર્ટિકલ્સ ૨૦૦થી ૫૦૦ માઈક્રોમીટરના અને ૧૦૦થી ૨૦૦ માઈક્રોમીટરના ૩૭.૭ ટકા માઈક્રોપ્લાસ્ટિકના કણો મળ્યા હતા. આ તમામમાં સામાન્ય માઈક્રોપ્લાસ્ટિક ફાઈબર, પેલેટ અનેફિલ્મમાં મળી આવ્યા હતા. મલંકરા કેથોલિક કોલેજના સ્ટડી દ્વારા જાણવા મળ્યું હતું કે, ભોજનમાં વપરાતા મીઠામાં ફાઈબર આકારના માઈક્રોપ્લાસ્ટિક કણો હોય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ જોખમી સાબિત થઈશકે છે. બીજી તરફ, તામિલનાડુની કેથોલિક યુનિવર્સિટી ઓફ મલંગકારાના એસ.ક્રિષ્ણાકુમાર જણાવે છે કે અમારી ટીમે મીઠામાં રહેલા માઈક્રોપ્લાસ્ટિકના કણોનો બેઝલાઈનસર્વેકર્યો હતોઅનેઆ પ્રકારના મીઠાના સેવનથી આપણા શરીરઉપર શુંઅસરપડે છેએનીઆપણે ક્યારેપણ તપાસ કરી નથી. સાથે જ આનાં હાનિકારક પરિણાનો જાણવા માટે હજુ૧૦વર્ષથી પણવધુનોસમય લાગી શકે છે.

### ૨૦૦ ગ્રામ મીઠામાં માઇક્રોપ્લાસ્ટિકના ૧૦૦ પાર્ટિકલ

તામિલનાડુ યુનિવર્સિટી, નેશનલ સેન્ટર ઓફ પોલર અને ઓશિયન રિસર્ચ, ગોવા દ્વારા અલગ-અલગ રાજ્યોમાં થતા મીઠાનાં ઉત્પાદન કેન્દ્રોમાંથી મીઠાના સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. સર્વેદરમ્યાન જાણવા મળ્યું કે, ગુજરાતમાં થતા મીઠાના ઉત્પાદનમાંમાઈક્રોપ્લાસ્ટિક(આ કણોની સાઈઝ મીઠાના દાણા કરતાંપણ નાની હોયછે)નાકણો મોટી માત્રામાં મળ્યા છે. માઈક્રોપ્લાસ્ટિકના કણ ૧૦૦-૨૦૦ માઈક્રોમીટરના હોય છે. આ માઈક્રોપ્લાસ્ટિક સિંગલ-યુઝ અથવા સામાન્ય વસ્તુઓમાંથી નીકળેછે, જેમાં પેકેજિંગવસ્તુઓ, કટલરી, રોડ માટે ઉપયોગમાં લેવા કલર, પોલિસ્ટરની વસ્તુઓ, મોતી પણ સામેલ હોય છે. રિસર્ચમાં જાણવા મળ્યું છે કે ગુજરાતમાંથી લેવામાં આવેલા મીઠાના નમૂનામાં ૨૦૦ ગ્રામ મીઠામાંથી માઈક્રોપ્લાસ્ટિકના ૪૬થી ૧૦૦ પાર્ટિકલ્સ મળ્યા છે.


## બેટરીથી ચાલતા વાહનોને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ફીમાંથી મુકિત અપાઈ

નવી દિલ્હી તા.૬


માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે મંગળવારે કહ્યું કે, તેણે બેટરીથી ચાલતા વાહનો(E-Vehicles)ને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ઈશ્યૂ કરવા અથવા નવીકરણ કરવા માટેની ફીની ચુકવણીમાંથી મુક્તિ આપવા માટે એક જાહેરનામું બહાર પાડ્યું છે. તેમના એક નિવેદનમાં આ મંત્રાલયે કહ્યું કે તેણે બેટરીથી ચાલતા વાહનોને નવા રજિસ્ટ્રેશન માર્ક સોંપવા માટે ફીની ચૂકવણીમાંથી પણ મુક્તિ આપી છે. તેમાં જણાવ્યું કે ઈ-મોબિલિટીને પ્રોત્સાહન આપવા માટે આ સુહના બહાર પાડવામાં આવી છે.

# ભારતીય શિક્ષણમાં રચનાત્મક સુધારાની ખાસ આવશ્યકતા

નવી શિક્ષણ નીતિને લાગું થયેલ એક વર્ષ પુરૂ થઈ ગયું. આ સંતોષનો વિષય છે કે, લગભગ ત્રણ દાયકા બાદ ભારતે પોતાના માટે શિક્ષણ વ્યવસ્થાની તપાસ કરી અને નવી શિક્ષણ નીતિ રૂપે તેનો એક મહત્ત્વાકાંક્ષી મુસદ્દો તૈયાર કર્યો. ભારતીય શિક્ષણના ઈતિહાસમાં આ ઘટના એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કે તેનું આયોજન ખુલ્લા મનથી શિક્ષણ સાથે જોડાયેલા તમામ પાસાં ઉપર ધ્યાન આપતાં કરવામાં આવ્યું. એવું કરવું એટલા માટે જરૂરી થઈ ગયું હતું, કારણ કે શિક્ષણ જગતની સમસ્યાઓ સતત એકઠી થતી રહી અને સરકારી ઉદાસીનતાને કારણે કંઈક નવુંકરવાની ગુંજાશ ન હોઈ શકે. પરિણામ એ થયું કે આકારમાં વિશ્વની એક મુખ્ય બૃહદાકાર શિક્ષણ વ્યવસ્થા તદર્થ રૂપે ચાલતી રહી. આપણે લોકો જૂના માળખામાં છૂટક બદલાવ અને થોડીઘણી કાપકૂપથી કામ ચલાવતા રહ્યા. પરિણામ એ આવ્યું કે ખરાબ ગુણવત્તાવાળી સંસ્થાઓનો અંબાર લાગી ગયો, પરંતુ તેમના સમુદ્રમાં શ્રેષ્ઠ સંસ્થાઓના કેટલાક ટાપુ દેખાતા રહ્યા, જેમાં ભણી-ગણીને યુવાઓ વિદેશજવા તત્પર રહ્યા. તમામ સંસ્થાઓની પોતાની જીવનકથા હોય છે અને નિહિત રૂચિ કે સ્વાર્થ પણ હોય છે, જે અંતર્ગત તેમનું સંચાલન થાય છે. નવી શિક્ષણ નીતિ એના ઉપર પણ ધ્યાન આપી રહી છે અને સંરચનાત્મક રૂપે બદલાવની તૈયારીમાં છે. આપણા અભ્યાસક્રમોને લઈને એ ફરિયાદ ચાલુ રહી કે તે ભારતીય સમાજ, અહીંની સંસ્કૃતિ, વારસા અને જ્ઞાનની દેશજ પરંપરાથી કપાયેલા છે અને કેટલાય પ્રકારની મિથ્યા ધારણાઓને ઉત્તેજન આપે છે. ભારતને ભારતમાં જ હાંશિયા ઉપર પહોંચતાં આ અભ્યાસક્રમ એક સંશયગ્રસ્ત ભારતીય માનસને ઘડવાનું કામ કરતા રહે છે. અહીં એ ન ભૂલવું જોઈએ કે ભારતીયતાનો આગ્રહ કોઈ પ્રકારની અવૈજ્ઞાનિકતા કે કટ્ટરપંથી દ્રષ્ટિની વિશ્વવિજયની અભિલાષા નથી, કારણ કે ભારતીય વિચાર વ્યાપક છે અને બધાનો સમાવેશ કરનારો છે. તેમાં મનુષ્ય કે પ્રાણીમાત્રાની ચિંતા છે અને તે સમગ્ર સૃષ્ટિ સાથે જોડાઈને જીવવામાં વિશ્વાસ કરે છે. યોગ અને આયુર્વેદનું જ્ઞાન અને તેની પ્રક્રિયાઓનું સ્વાસ્થ્ય અને માનસિક શાંતિ મેળવવા માટે મહત્ત્વ જગજાહેર છે અને તેની સ્વીકૃતિ પણ છે. જયારે નવી શિક્ષણ નીતિને ભારત કેન્દ્રિત બનાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો તો તે ન માત્ર શિક્ષણમાં ભારતને પૂર્નઃ સ્થાપિત કરવા માટે હતો, બલ્કે મનુષ્યતા માટે જરૂરી સમજીને કરવામાં આવ્યો હતો. આજે જળવાયુનું જે સંકટ છે, તે પણ ભારતીય દ્રષ્ટિ તરફ ધ્યાન અપાવે છે, જેમાં મનુષ્યને ફક્ત ઉપભોક્તા સમજવાની સખત મનાઈ છે. ભારત કેન્દ્રિત શિક્ષણ વસ્તુતઃ મનુષ્ય અને જીવન કેન્દ્રિત શિક્ષણ છે અને તે એ મૂલ્યો પ્રત્યે સમર્પિત છે જે સહ અસ્તિત્વ, સહકાર અને પરસ્પર સહયોગને જીવનશૈલીમાં સ્થાપિત કરે છે. મનુષ્યત્વના આ ચિહ્નોને બચાવી રાખવા અને સાચવવા આજે પહેલાં કરતાં વધારે જરૂરી બની ગયું છે. સમગ્ર શિક્ષણ વ્યવસ્થાને એના જ સંદર્ભે આયોજિત કરવી જોઈએ. તેમના સ્રોત હજુ પણ જીવન અને સમાજમાં મોજૂદ છે. ઉપેક્ષાને કારણે તે કંઈક કરમાઈ ગયા છે, પરંતુ તેમને ફરીથી હર્યાભર્યા કરી શકાય છે. શિક્ષણને નોકરી સાથે જે રીતે જોડવામાં આવ્યું અને જીવનના અન્ય ઉદેશ્યોથી તેને દૂર કરી દેવાયું, તે એક સામાજિક સાંસ્કૃતિક સમસ્યા બની ગઈ છે. શિક્ષણ સમાજની ખાસ જરૂરિયાત હોય છે, કારણ કે સમાજ પોતાની કેવી રચના કરવા માંગે છે, તેનો વિકલ્પ શિક્ષણ દ્વારા નક્કી થાય છે. ન્યાય, સમતા અને સ્વતંત્રાતા જેવા સંબંધો સ્થાપિત કરવા માટે અને નાગરિકના દાયિત્વ મનમાં બેસાડવા માટે શિક્ષણ અવસર આપી શકે છે, પરંતુ તેનું આયોજન એ મૂલ્યોની અભિવ્યક્તિ કરતાં કરવું જોઈએ. તેના માટે જે માનસિકતાની જરૂરિયાત છે, તે પ્રવેશ અને પરીક્ષાની ચાલુ અનુષ્ઠાનપ્રધાન શૈલીથી નિર્મિત નહીં થઈ શકે. કોરોનાના દોરમાં એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે આપણે મૂલ્યાંકનના નવા વિકલ્પો શોધવા જ પડશે, સાથે જ ઓનલાઈન શિક્ષણને પણ વ્યવસ્થામાં સામેલ કરવું પડશે. એજ રીતે માતૃભાષામાં શિક્ષણ મળે, એ વાતની વકીલાત કરતાં પધ્ધતિમાં બદલાવ લાવવાની વાત કરવામાં આવી છે. શિક્ષણને ફક્ત પુસ્તકિયું નહીં બનાવીને જીવનોપયોગી બનાવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષણ-પ્રશિક્ષણ આપણા માટે એક મોટો પડકાર બની ચૂક્યો છે. ઉલ્લેખનીય છે કે વધતી જનસંખ્યાના દબાણને સહન કરવા માટે સંસ્થાઓની સંખ્યા ચોક્કસ વધતી ગઈ, પરંતુ એજ અનુપાતમાં શિક્ષણસ્તરમાં પતન પણ નોંધાયું અને ગુણવત્તાનો સવાલ ગૌણ થતો ગયો. સરકારી તંત્રથી અલગ ખાનગી શિક્ષણ સંસ્થાઓ પણ ઊભી થતી ગઈ. સ્કૂલી શિક્ષણમાં કોન્વેન્ટ અને મિશનરી સ્કૂલોનો એક અલગ દરજ્જો અંગ્રેજોના જમાનામાં જ બની ગયો હતો. એની જ તર્જ ઉપર ધનાઢ્ય વર્ગ પણ સ્કૂલ ચલાવવામાં રૂચિ લેવા લાગ્યો અને હવે ઉચ્ચ શિક્ષણમાં પણ તેની સારી દખલ થઈ ચૂકી છે. શિક્ષણ જગતમાં ખાનગી ક્ષેત્રનો વિસ્તાર ખૂબ થયો છે, પરંતુ કેટલીક ગણીગાંઠી સંસ્થાઓને છોડી દઈએ તો ખાનગી ક્ષેત્રની એટલી શાખ નથી બની શકી જેટલી અપેક્ષા રાખવામાં આવી હતી. આ પરિસ્થિતિઓમાં શિક્ષણને મૂળ અધિકાર બનાવવાનું સ્વપ્ન કમજોર પડે છે. સંસાધનોની અછત અને શિક્ષણ પ્રત્યે સરકારોના અલ્પકાલીન અને ચલતા હૈ વલણને કારણે શિક્ષણ સંસ્થાઓમાં અકાદમિક સંસ્કૃતિ પ્રદૂષિત થતી જાય છે. શૈક્ષણિક પરિસર રાજનીતિમુક્ત અને સ્વાધીન હોવાં જોઈએ, જેથી તે ઉત્કૃષ્ટતા અને ગુણવત્તા તરફ ઉન્મુખ થઈ શકે. નવી શિક્ષણ નીતિ પ્રત્યે વર્તમાન સરકારે અનેક અવસરો ઉપર પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે, પરંતુ કોરોનાએ તેના ક્રિયાન્વયનમાં ગતિરોધ પેદા કર્યો છે. નવી શિક્ષણ નીતિને લઈને શિક્ષણ જગતમાં વેબિનારોની સહાયતાથી જાગૃતિ આવી છે, ભ્રમ દૂર થયા છે અને લોકોમાં આશાનો સંચાર થયો છે. હવે જરૂરિયાત છે કે સંરચનાત્મક સુધારાને લાગું કરવામાં આવે, પરંતુ સૌથી જરૂરી છે કે શિક્ષણ સંસ્થાઓમાં શૈક્ષણિક વાતાવરણની બહાલી કરવામાં આવે અને અકાદમિક સંસ્કૃતિનું ક્ષરણ રોકવામાં આવે.



ભ્રષ્ટાચાર ન કરૂ તો તાવ આવી જાય છે !



લોકસભાની ચૂંટણીની વાતો થાય છે ને ? બલ્ડપ્રેશર તો રહેશે !

### પ્રતિ સેકન્ડ ૭૦૦ ક્યુસેક પાણી આપવાનું આયોજન

# ૩૨ ગામોને સિંચાઈનું પાણી આપવા તંત્રનો પ્લાન તૈયાર

## અમદાવાદ જિલ્લાના આસપાસના ગામો એમાંય ખાસ કરી નળકાંઠાના ગામોમાં સિંચાઈના પાણીની મોટી તકલીફ હતી

અમદાવાદ તા.૬

અમદાવાદ જિલ્લાના આસપાસના ગામો એમાંય ખાસ કરીને નળકાંઠાના ગામોમાં સિંચાઈના પાણીની મોટી તકલીફ હતી. લાંબા સમયથી આ વિસ્તારના લોકો સિંચાઈ માટે પાણીની માંગ કરી રહ્યાં હતાં. લોકોની આ સમસ્યાનું હવે નિવારણ થવાનેઆરે છે. કેન્દ્રિય મંત્રી અમિત શાહને ઘણીવાર રજૂઆતો કરવામાં આવી હતી. સ્થાનિકોની રજૂઆતને ધ્યાને લઈને સરકારે આ વિસ્તારના લોકોને સિંચાઈનું પાણી આપવાની વ્યવસ્થા કરવા પ્રાથિમક પ્લાન તૈયાર કરી દીધો છે. નળ કાંઠાના ગામો હોવાથી તમામ ગામોને ખેતી સિવાય કોઈ વિકલ્પ નથી. ડાંગર અને ઘઉનો પાક હવે સરળતાથી લઈ શકાશે. ૭ કિલોમીટર લાંબી કેનાલ બનાવવાનો પ્લાન છે. આ પ્રોજેક્ટ તૈયાર થતાં રોજગારી માટે થતું સ્થળાંતર અટકી જશે. નળ કાંઠાના ૩૨ ગામોને સિંચાઈનું પાણી આપવા માટે નિષ્ણાંતોની સલાહ મુજબ પ્રાથમિક અહેવાલ તૈયાર કરી દેવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લામાં હયાત કેનાલમાંથી નળકાંઠાના ૩૨ ગામોને સિંચાઈ માટેનું પાણી આપવાની ગુજરાત સરકારની વિચારણા છે. પાઈપ લાઈન અને ખુલ્લી નહેર દ્વારા સરકાર નળકાંઠાના ગામોને સિંચાઈનું પાણી આપી શકે છે. નળ કાંઠાના ૩૨ ગામની ૧૦ હજાર હેક્ટર જમીનને સિંચાઈ માટેનું પાણી આપવામાં આવશે. અમદાવાદ જિલ્લાના નળકાંઠાના ૩૨ ગામોને હાલ હયાત કેનાલમાંથી સિંચાઈ માંથી પ્રતિ સેકન્ડ ૭૦૦ ક્યુસેક પાણી આપવાનુંઆયોજન છે. નળ કાંઠા ૩૨ ગામોને પાણી આપવાના પ્રોજેક્ટ માટે ૮૪૦ કરોડના ખર્ચને અંદાજવામાં આવ્યો. સાણંદના ૧૩, બાવળાના ૫, વિરામગામના ૧૪ મળી કુલ ૩૨ ગામને સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે. જેમાંથી વિરમગામના ૧૪ પૈકીના ૪ ગામ નર્મદા કમાન્ડમાં સમાવીષ્ઠ છે. જોકે આ ગામને હજુ સુધી સિંચાઈ માટેનું પાણી નથી મળતું. પાણી આપવા માટે હયાત નહેરમાં કુલ પાંચ એસ્કેપ નક્કી કરવામાં આવ્યા છે. નર્મદાની ધોળકા બ્રાન્ચ, ગોરજ ગોધાવીની ફતેવાડી કેનાલ, સાણંદ બ્રાન્ચ કેનાલ તથા નર્મદાની સૌરાષ્ટ્ર જતી કેનાલમાં એસ્કેપ રાખી પાણી આપવાનું ગુજરાત સરકારનું આયોજન છે.

# અયોધ્યામાં ડિસેમ્બર ૨૦૨૩થી રામમંદિર ભક્તો માટે ખૂલ્લું મુકાશે



અયોધ્યા તા.૬

અયોધ્યામાં ભગવાન રામનું ભવ્ય મંદિર ૨૦૨૫ સુધીમાં તૈયાર થઈ જશે. રિપોર્ટ મુજબ ડિસેમ્બર ૨૦૨૩થી રામ મંદિર ભક્તો માટે ખુલ્લું મુકાશે. એટલે કે ડિસેમ્બર ૨૦૨૩થી ભક્તો મંદિરમાં આવીને રામલલાના દર્શન કરી શકશે. આ દરમ્યાન મંદિરમાં નિર્માણ કાર્ય ચાલું રહેશે. મંદિર ઉપરાંત મ્યુઝિયમ, ડિજિટલ આર્કાઈવ્સ અને રિસર્ચ સેન્ટર પણ મંદિર સંકુલમાં બનાવવામાં આવશે. આ સાથે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે રામ ભક્તોને નવી ભેટ આપી છે. તમામ રામભક્તો હવે રામ મંદિર નિર્માણનું કામ પોતાની આંખોથી જોઈ શકશે. આ માટે એક વ્યૂ પોઈન્ટ બનાવવામાં આવશે. અયોધ્યામાં આવતા ભકતો મંદિર નિર્માણનું કામ પોતાની આંખોથી જોઈ શકશે. તેના માટે રામલલાના દર્શન માર્ગ ઉપર એક વ્યૂ પોઈન્ટ બનાવવામાં આવી રહ્યો છે. તે સંપૂર્ણપણે લોખંડની જાળીથી પેક હશે જયાંથી ભકતો ખુલ્લી આંખોથી મંદિરનું નિર્માણ જોઈ શકે છે. અગાઉ શ્રી રામ જન્મભૂમી તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ટેન્ટમાં બેસેલા રામલલાને અસ્થાઈ મંદિરમાં શિફ્ટ કર્યા હતા અને તેની સાથે જ રામલલાના દર્શન કરનારા શ્રદ્ધાળુઓના દર્શનની દૂરી પણ ઘટાડવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે મંદિર નિર્માણ માટે શ્રીરામ જન્મભૂમી તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ તરફથી આખા દેશમાંથી દાન એકત્રિત કરવામાં આવી રહ્યું હતું. જયારે રામ મંદિર નિર્માણ સમિતિ નિર્માણ કાર્યમાં સંપૂર્ણ રીતે લાગેલી છે. બીજી બાજુ ૫ ઓગસ્ટના રોજ ભગવાન રામના મંદિરના ભૂમિપૂજનના એક વર્ષ પૂર્ણ થવા પ્રસંગે કાર્યક્રમો યોજાવા જઈ રહ્યા છે. આ ખાસ કાર્યક્રમોની તૈયારીઓ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહી છે.

# ગુજરાત રાજ્યની શાળાઓને તા.૧૭ ઓગસ્ટ પછી વધારાના પુસ્તકોનું વિતરણ કરાશે

ગાંધીનગર તા.૬

ધોરણ-૯થી ૧૨માં બીજા તબક્કાના પાઠ્યપુસ્તકો આપવાની કાર્યવાહી ગુરૂવારથી શરૂ કરવામાં આવશે. સરકાર દ્વારા માસ પ્રમોશન અને વર્ગ વધારાના કારણે નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થવાથી વધારાના પાઠ્યપુસ્તકો માટે શાળાઓ પાસેથી માહિતી મંગાવી છે. સ્કૂલોએ ૧૫ ઓગસ્ટ સુધીમાં પુસ્તક મંડળની વેબસાઈટ ઉપર જઈને જરૂરિયાતના પુસ્તકો અંગેની વિગતો અપલોડ કરવાની રહેશે. ત્યારબાદ ડેટાની ચકાસણી કરી ૧૭ ઓગસ્ટ બાદ પુસ્તક મંડળ દ્વારા માંગણી મુજબના પુસ્તકો આપવાની કામગીરી શરૂ કરવામાં આવશે. ગુજરાત પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઓનલાઈન ટેકસ્ટબૂક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા જિલ્લાની શાળાઓ દ્વારા માધ્યમ અને વિષય પ્રમાણે ધોરણ-૯થી ૧૨માં વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ પાઠ્યપુસ્તકોની જરૂરિયાત મેળવી હતી અને તે મુજબના પુસ્તકો શાળા વિકાસ સંકુલ સુધી પહોંચાડ્યા હતા. શાળા વિકાસ સંકુલને મળેલા પાઠ્યપુસ્તકો અંગેની રિસીવ્ડ ટેકસ્ટબૂકની ડેટા એન્ટર કરવાની કામગીરી કાર્યરત છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ પાઠ્યપુસ્તકોની નવી માંગણી સ્વીકારવાનું નક્કી કરાયું છે. કોવિડ-૧૯ના કારણે સરકારના નિર્ણય અનુસાર માસ પ્રમોશન અને વર્ગ વધારામાં નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો હોય તેવી શાળાઓ પાસેથી શાળા વિકાસ સંકુલ કન્વીનર દ્વારા વધારાના પાઠ્યપુસ્તકોની માંગણીનું સંકલન કરવાનું રહેશે. ત્યારબાદ વેબસાઈટ ઉપર જઈ ધોરણ ૯થી ૧૨માં માધ્યમ, વિષય અને વિદ્યાર્થી સંખ્યા મુજબ પાઠ્યપુસ્તકોની જરૂરિયાતની ઓનલાઈન ડેટા એન્ટર કરવાની કામગીરી ૫ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ઓનલાઈન ટેકસ્ટબૂક ઈન્ડેન્ટ સિસ્ટમમાં ડેટા એન્ટર કરવાની કામગીરી પાઠ્ય પુસ્તક મંડળની વેબસાઈટ ઉપર કરવાની રહેશે. તમામ માહિતી અપલોડ કર્યા બાદ તેની ચકાસણી કરી કન્ફર્મ અને લોક કરવાની રહેશે. ત્યારબાદ માહિતીમાં કોઈ પણ જાતનો ફેરફાર કરી શકાશે નહીં. આ કામગીરી શાળા વિકાસ સંકુલ કક્ષાએ ૧૫ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ચકાસવામાં આવશે. આમ, તમામ શાળાઓ માટેના પાઠ્ય પુસ્તકની જરૂરિયાતની ચકાસણી કમિશ્નર ઓફ સ્કૂલની કચેરી દ્વારા કરવામાં આવશે.

# ઐતિહાસિક ચુકાદો : પોતાની મિલકત ઉપરથી ૬૦ વૃક્ષો કાપી નાખવા બદલ યુવકને કલકત્તા હાઈકોર્ટે ૪૦ કરોડનો દંડ ફટકાર્યો

કલકત્તા તા.૬

કલકત્તા હાઈકોર્ટે એક ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો છે. આ ચુકાદા અનુસાર કોર્ટે એક રિયલ એસ્ટેટ ગ્રુપને ૧૫ દિવસની અંદર ૪૦ કરોડ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ સિવાય આ ગ્રુપે સો વૃક્ષો પણ ઉગાડવા પડશે. પ્રાપ્ત જાણકારી અનુસાર રસેલ સ્ટ્રીટ ઉપર સેવન સ્ટાર હોટલ બનાવવા માટે ૬૨ વૃક્ષોને ગેરકાયદેસર રીતે કાપવામાં આવ્યા હતા. આ કારણોસર રિયલ એસ્ટેટ ગ્રુપ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટે કડક ટિપ્પણી કરતા કહ્યું કે, આ પ્રકારના કૃત્યને કારણે પર્યાવરણને નુકસાન પહોંચ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ કેસ ફેબ્રુઆરી ૨૦૧૭નો છે. કોર્ટે આ કેસ ઉપર ૨૬મી જુલાઈના રોજ ચુકાદો આપ્યો હતો. પોતાના ત્રણ પાનાના આદેશમાં ન્યાયમૂર્તિ રાજશેખર મંથાએ કમેન્ટ કરીને કહ્યું કે, જો કે અરજદારની અપીલ આકર્ષક લાગી રહી છે, પરંતુ ૨૦૦૬ના અધિનિયમ અનુસાર કારાવાસની સજા આપવાથી વૃક્ષો પાછા નહીં આવે. માટે રાજય અથવા વન વિભાગને વળતર ચૂકવવું યોગ્ય નિર્ણય ગણાશે. આનાથી આરોપીને દંડ પણ મળશે અને પ્રાયશ્ચિત પણ થશે. આ વળતરની રકમનો ઉપયોગ સામાન્યપણે પર્યાવરણના સંરક્ષણ માટે કરવામાં આવે છે. ૨૦૦૬ના અધિનિયમ અંતર્ગત આ કેસની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ અધિનિયમ અંતર્ગત કોઈપણ વ્યક્તિને ૫૦૦૦ રૂપિયા દંડ અને એક વર્ષની જેલની સજા ફટકારી શકાય છે. કોર્ટ ઈચ્છે તો બન્ને સજા ફટકારી શકે છે. આ સિવાય જ્યાં સુધી પૂરતી સંખ્યામાં વૃક્ષ ઉગાડવામાં ન આવે ત્યાં સુધી દરરોજ ૫૦ રૂપિયાનો દંડ પણ ભરવો પડે છે. અદાલતે જણાવ્યું કે, જો ૧૫ દિવસમાં ૪૦ કરોડ રૂપિયા ચૂકવવામાં નહીં આવે તો ગુનો કમ્પાઉન્ડ થઈ જશે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, જો દંડ ભર્યા પછી પણ રિયલ એસ્ટેટ ગ્રુપે પોતાની પ્રોપર્ટીના ડેવલપમેન્ટમાં તમામ કાયદાઓનું પાલન કરવું પડશે.

# આગામી ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ભાજપની જ્ઞાતિવાદી મંડલ પંચની રાજનીતિનો દાવ

વારાણસી તા.૬

રાજકારણીઓમાં આમ જનતાને આકર્ષવાની જન્મજાત ક્ષમતા હોય છે જેમ કે અખંડ આંધ્રપ્રદેશ માટે ૨૦૦૯ની વિધાનસભા ચૂંટણીમાં તત્કાલીન મુખ્ય પ્રધાન વાય એસ રાજશેખર રેડ્ડી એટલે કે વાયએસઆરએ પોતાની સરકારનો પ્રચાર સરકારની ગરીબ તરફી કલ્યાણ યોજનાઓની આસપાસ કેન્દ્રિત કર્યો હતો. આ પ્રચાર ચૂંટણીના પ્રથમ તબક્કામાં કામ કરી ગયો હતો જે બેઠકો હાલ અલગ તેલંગાણા રાજ્યના ભાગરૂપ છે. જ્યારે તટીય, આંધ્ર અને રાયલસીમા પ્રદેશ માટે પ્રચારના બીજા તબક્કામાં રેડ્ડીએ રાજ્યના વિભાજન સામે લોકોની લાગણીઓ ભડકાવી હતી અને આ રીતે વિભાજનની બંને બાજુએ કોંગ્રેસનો વિજય થયો હતો. જો કે દરેક વ્યક્તિ કે નેતા વાયએસઆરની જેમ આટલી સરળતાથી પરિવર્તન લાવી શકે નહીં. આથી ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પૂર્વે મંડલના પ્રચાર-પ્રસાર માટે ભાજપે તાજેતરમાં જે રીતે ખુલ્લેઆમ અને બુલંદ રીતે અવાજ ઉઠાવ્યો છે તે બાબતની ગહન ચકાસણી કરવી જોઈએ. ભાજપ ૧૯૮૯માં ભારતીય રાજનીતિમાં મંડલ-કમંડલના મુદ્દાને પોતાની તરફેણમાં સફળતાપૂર્વક ઉપયોગ કરી શક્યો હતો તે વાત સર્વવિદીત છે. સ્પર્ધાત્મક આંતરજ્ઞાતિય રાજનીતિ ખાસ કરીને ઓબીસી અને દલિતના મુદ્દેની રાજનીતિએ ભાજપનો મદદ કરી હતી. ભાજપના મંડલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં રાજ્ય સ્તરે પછાત સમુદાયના નેતાઓને પ્રોજેક્ટ કરવામાં આવ્યાં હતાં. જ્યારે ટોચના સ્તરે સામાજિક સંતુલન સિદ્ધ કરવા કેન્દ્ર ખાતે સવર્ણ નેતૃત્વની વાત વહેતી કરાઈ હતી. આથી ઉ.પ્ર.માં દરેક કલ્યાણસિંહ માટે એક અટલબિહારી વાજપેયી અને કેન્દ્ર ખાતે રાજનાથસિંહ નરેન્દ્ર મોદી માટે રાષ્ટ્રીય ક્ષિતિજે એક એલ કે અડવાણી હતા. આમ ભાજપની જ્ઞાતિવાદી પીચમંડલ પક્ષોને માત આપી રહી છે. ૨૦૧૪ અને ત્યાર બાદ ભાજપે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે જ્ઞાતિ કાર્ડ રમતા સાહેજપણ ખટકાટ અનુભવ્યો નથી. ભાજપ હવે મંડલ અવકાશમાં વધુ પગપેસારો કરવા એક આગે કદમ ભરી હતાં. એજ રીતે મુંબઈમાં ગોપીનાથ મુંડે માટે, દિલ્હીમાં એક પ્રમોદ મહાજન હતાં. કર્ણાટકમાં પ્રત્યેક યેદિયુરપ્પા માટે રાષ્ટ્રીય ટીમમાં અનંતકુમાર હતાં. પટણામાં પ્રત્યેક સુશીલ મોદી માટે દિલ્હીમાં એક કૈલાસ પ્રતિ મિશ્રા હતાં. મ.પ્ર.માં દરેક ઉમા ભારતી કે શિવરાજસિંહ ચૌહાણ માટે રાષ્ટ્રીય રાજનીતિમાં એક સુંદરલાલ પટવા કે કૈલાસ જોશી હતાં અને ગુજરાતમાં પ્રત્યેક કેશુભાઈ પટેલ અને રહ્યો છે. બઘેલ જેવા મોટા ભાગના નવાગંતુકો પછાત અને દલિત સમુદાયમાંથી આવે છે. ૨૦૨૨ની યુપી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનું સામાજિક ન્યાયના વર્ઝનની સારી કસોટી થશે. તેના પરિણામે સવર્ણોનો જનાધાર જાળવી રાખીને આક્રમક પછાત-દલિત રાજનીતિ અનુસરવાની પક્ષની ક્ષમતાને દર્શાવશે.

# મુસાફરોને હવે ટ્રેનોમાં મળશે વાઈ-ફાઈની સુવિધા

નવી દિલ્હી તા.૬

મુસાફરોને વધુ એક સુવિધા મળશે. રેલવેએ આ માટેની તૈયારીઓ સંપૂર્ણ કરી લીધી છે. મુસાફરી દરમ્યાન ઘણીવાર ટ્રેનોમાં સિગ્નલની સમસ્યા થતી રહે છે જેના કારણે આપણને ટ્રેનમાં ઇન્ટરનેટ ચલાવવામાં ઘણી મુશ્કેલી થતી રહે છે. આ સમસ્યા અંગે રેલવે હવે ટૂંક સમયમાં કેટલીક ટ્રેનોમાં વાઈ-ફાઈ સુવિધા શરૂ કરવા જઈ રહી છે. દેશભરમાં રાજધાની, શતાબ્દી અને દુરંતો એક્સપ્રેસમાં વાઈ-ફાઈ સુવિધા ઉપલબ્ધ થશે. જેમાં મુરાદાબાદ રેલ્વે વિભાગમાંથી પસાર થતી બે શતાબ્દી અને બે રાજધાની એક્સપ્રેસ ટ્રેનોનો સમાવેશ થાય છે. પહેલા તબક્કામાં ૨૭ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. એ ટ્રેનો ઉપર વાઈ-ફાઈ સિસ્ટમ્સ ઈન્સ્ટોલ થવાનું શરૂ થશે. મુરાદાબાદ રેલ્વે વિભાગના મુખ્ય જનસંપર્ક અધિકારી દીપક કુમારે જણાવ્યું કે રાજધાની, શતાબ્દી, દુરંતોમાં ટૂંકસમયમાં ટ્રેનોમાં વાઈફાઈ સુવિધા મળશે. ઉલ્લેખનિય છે કે રેલ્વે કોરોના કાળમાં ઘણી ઓછી ટ્રેનો ચલાવી રહ્યું છે. મુસાફરોની સુવિધા માટે, કેટલીક સ્પેશિયલ ટ્રેનોને વચ્ચે-વચ્ચે લંબાવવામાં આવી રહી છે જેથી મુસાફરોને વધુ સીટો મેળી શકે અને ટૂંકસમયમાં વેઈટિંગ ટિકિટની સમસ્યામાંથી મુક્તિ મળી શકે. અહીં, રેલ્વેને ઘણી લોકલ ટ્રેનો ચલાવવાની પણ મંજૂરી છે જેથી મુસાફરોને ટૂંકા અંતર માટે વધારે મુશ્કેલી ન પડે.

# દેશમાં બોગસ ૨૪ યુનિવર્સિટીઓ પૈકી મોટાભાગની ઉત્તરપ્રદેશની છે : કેન્દ્રીય શિક્ષણમંત્રી

નવી દિલ્હી તા.૬

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને સ્વંય સંચાલિત ૨૪ યુનિવર્સિટી ફેક હોવાની ઘોષણા કરી જેમાં ધારા-ધોરણોનું ઉલ્લંઘન કરતી અન્ય વધુ બે સંસ્થા મળી આવી હોવાનું શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સોમવારે જણાવ્યું. ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આ નિવેદન આપ્યું હતું. વિદ્યાર્થીઓ, વાલીઓ, સામાન્ય નાગરિકો અને ઈલેક્ટ્રોનિક પ્રીન્ટ મીડિયા દ્વારા કરવામાં આવેલ ફરિયાદોના આધારે યુજીસીએ ૨૪ સ્વયં સંચાલિત સંસ્થાઓને ફેક ઘોષિત કરી. આ સિવાય ભારતીય શિક્ષા પરિષદ, લખનૌ, યુપી અને ઈન્ડિયન ઈનસ્ટીટયૂટ ઓફ પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ (આઈઆઈપીએમ), કુતુબ એન્કલેવ, નવી દિલ્હી નામની બે અન્ય સંસ્થાઓને યુજીસી એકટના ૧૯૫૬ના ઉલ્લંઘન બદલ નકલી ગણાવી. ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૮ નકલી યુનિવર્સિટીઓ-વારાણસેય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી, મહિલા ગ્રામ વિદ્યાપીઠ, અલ્હાબાદ, ગાંધી હિન્દી વિદ્યાપીઠ, અલ્હાબાદ, નેશનલ યુનિવર્સિટી ઓફ ઈલેક્ટ્રો કોમ્પ્લેક્સ હોમિયોપેથી, કાનપુર, નેતાજી સુભાષચંદ્ર બોઝ ઓપન યુનિવર્સિટી, અલીગઢ, ઉત્તરપ્રદેશ વિશ્વવિદ્યાલય, મથુરા, મહારાણા પ્રતાપ શિક્ષા નિકેતન વિશ્વવિદ્યાલય, પ્રતાપગઢ અને ઈન્દ્રપ્રસ્થ શિક્ષા પરિષદ, નોઈડા છે. દિલ્હીમાં નકલી આવી સાત યુનિવર્સિટી છે જેમાં કોમર્શિયલ યુનિવર્સિટી લિમિટેડ, યુનાઈટેડ નેશન યુનિવર્સિટી, વોકેશનલ યુનિવર્સિટી, એડીઆર સેન્ટ્રીક જ્યુડીશિયલ યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુશન ઓફ સાયન્સ એન્ડ એન્જીનિયરિંગ, વિશ્વકર્મા ઓપન યુનિવર્સિટી અને સેલ્ફ એમ્પ્લોયમેન્ટ તેમજ આધ્યાત્મિક વિશ્વવિદ્યાલય સામેલ છે. ઓડિશા અને વેસ્ટબંગાળમાં ફેક બે-બે યુનિવર્સિટીઓ છે. તેમજ કર્ણાટક, કેરલ, મહારાષ્ટ્ર, પોંડિચરીમાં એક-એક ફેક યુનિવર્સિટી છે. નકલી અને બિન-માન્ય યુનિવર્સિટીઓ સામે યુજીસી દ્વારા લેવાયેલ પગલાઓ વિષે વિસ્તત માહિતી આપતા પ્રધાન કહ્યું કે, યુજીસી દ્વારા આ ફેક યુનિવર્સિટીઓ ઉપર કાર્યવાહી કરશે તેમજ યુજીસી આ ફેક યુનિવર્સિટી તેમજ સંસ્થાની યાદી હિન્દી અને અંગ્રેજી રાષ્ટ્રીય ન્યૂઝ પેપરમાં આપી નોટિસ બહાર પાડી છે. તેમણે સ્ટેટ ચીફ સેક્રેટરી, એજ્યુકેશન સેક્રેટરી અને પ્રિન્સીપાલ સેક્રેટરીની તેમના તાબા હેઠળ આવતી ફેક યુનિવર્સિટીઓ સામે કાર્યવાહી કરવા કમિશનને પત્ર લખે. યુજીસી એક્ટ ૧૯૫૬નું જો કોઈ સંસ્થા ઉલ્લંઘન કરતી હોય તો તેને કારણ બતાવો અને ચેતવણીની નોટિસ આપવામાં આવે છે.

### વીડિયો સોશ્યલ મીડિયા ઉપર વાયરલ

# પાક.માં અજીબ લગ્ન, યુવકે બકરી સાથે સાત ફેરા લીધા

## લગ્ન સમારોહમાં યુવકના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા, લગ્નની વ્યવસ્થા કરનારા આરોપીની ધરપકડ થઈ

ઈસ્લામાબાદ તા. ૬

પાકિસ્તાનમાં એક અજીબોગરીબ લગ્નનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો પાકિસ્તાનના સિંધ પ્રાંતનો છે. ભીલ સમુદાયના એક યુવકે બકરી સાથે લગ્ન કર્યા છે. હિન્દુ વિધિ પ્રમાણે યુવકે બકરી સાથે સાત ફેરા લીધા હતા. ખાસ વાત એ છે કે યુવક અને બકરીના લગ્ન દરમ્યાન પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ અજીબ લગ્નનો વીડિયો સોશ્યલ મીડિયા ઉપર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં જોવા મળે છે કે એક યુવક બકરીને પકડીને લગ્નના સાત ફેરા ફરી રહ્યો છે. આ દરમ્યાન ઘણા લોકો તેની આસપાસ જોવા મળે છે. આ મામલે પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના ડિગરીની પાસે મંદરાનવાલા ગામની છે. લગ્ન સમારોહમાં યુવકના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. પોલીસે લગ્નની વ્યવસ્થા કરનાર આરોપીની ધરપકડ કરી લીધી છે. જ્યારે લગ્ન કરનાર યુવકની શોધખોળ ચાલી રહી છે. આ અજીબ ઘટનાના થોડા દિવસો પહેલા પાકિસ્તાનમાં એક બકરી સાથે કુકર્મનો મામલો પણ સામે આવ્યો હતો. પંજાબ પ્રાંતના ઓકારા શહેરમાં ૫ લોકોએ એક બકરી ઉપર બળાત્કાર ગુજાર્યો અને બાદમાં તેને તડપાવી-તડપાવીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. પોલીસે પાંચ લોકો સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. આ ઘટના બાદ સોશ્યલ મીડિયા ઉપર લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. લોકો વડાપ્રધાન ઈમરાન ખાનને બળાત્કારની ઘટના ઉપર તેમના નિવેદન માટે ટ્રોલ કર્યા હતા. તમને જણાવી દઈએ કે, ઈમરાન ખાને હાલમાં કહ્યું હતું કે, બળાત્કાર પાછળ ટૂંકા કપડાં પણ એક કારણ છે. સ્ત્રીઓના આવા કપડાં પુરૂષોને આકર્ષે છે.

# વિજ્ઞાન : એક સિક્કાની બે બાજુ, હકારાત્મક અને નકારાત્મક

આ જગતમાં દરેક વસ્તુને બે પાસાં હોય છે : સવળું અને અવળું દરેક ઘટનાને બે નાજુઈઓ હોય છે હકારાત્મક અને અને નકારાત્મક. સિક્કાની બે બાજુની જેમ વિજ્ઞાન જેવું અમોધને અનમોલ શાસ્ત્ર પણ બે વિરોધાભાસી દ્રષ્ટિબિંદુથી મૂલવવામાં આવે છે. જ્યાં "વિજ્ઞાનના શોધ-સંશોધનનો" રચનાત્મક ઉપયોગ થાય છે. માનવજાતના કલ્યાણ માટે એ વપરાય છે ત્યાં વિજ્ઞાન "એક અમૂલ્ય વરદાન" બનીને સૌની પ્રશંસાને પાત્ર બની જાય છે. પરંતુ એ જ વૈજ્ઞાનિક શોધો, અખતરાઓ અને પ્રયોગો જયારે ખતરનાક બની હોય છે. વિનાશનું ભયાનક સ્વરૂપ ધારન કરીને માનજાતની હસ્તી નાબૂદ થઈ જાય. એટલી હદે ફૂલેફાલે છે ત્યારે ત્યાં "વિજ્ઞાન એક ગોઝારો અભિશાપ" બનીને સૌની ઘૃણાને પાત્ર બની જાય છે. વીસમી સદીમાં કાળા માથના માનવીને વિજ્ઞાનના સહારે શું શું નથી કર્યું? ચંદ્ર ઉપર માનવીની અવકાશયત્રાથી માંડીને અવનવા ઉપગ્રહો દ્વારા માનવીએ અવકાશ ક્ષેત્રે જે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે એની પાછળ વિજ્ઞાન જ કારણભૂત છે ને ? સાગરના પેટાળમાં જવાળામુખીના પેટમાં ઉત્તર ધ્રુવના નિર્જન બરફ-રણમાં, અરે ! જ્યાં સૂર્યના કિરણ પણ નથી પહોંચી શકતા ત્યાં વિજ્ઞાનના સાધનોની મદદથી પહોંચી જઈને માણસે કેટકેટલા અણખૂલ્યા રહસ્યો ઉઘાડી નાખ્યાં છે ! વળી અનેક જીવલેણ રોગો સાધ્ય બનાવીને, ભૂગર્ભ રેલેવ અને એક પાતા ઉપર દોડતી રેલવેથી માંડી ઘડીના છઠ્ઠા ભાગમાં ક્યાં પહોંચાડી દે એવી અત્યંત ઝડપી વાહનોની શોધોએ તો વિજ્ઞાનની બોલબાલા કરી દીધી છે. સુખસગવડના યાંત્રિક સાધનો, કેલ્ક્યુલેટર અને કમ્પ્યૂટર ઉપરાંત હવે તો યંત્ર માનવ(રોબોટ)ની શોધો આવકાર્ય છે અને વિજ્ઞાન એ માનવજાત માટે એસ્જવરનું વરદાન છે. પરંતુ એ જ વિજ્ઞાન જ્યારે જીવલેણ શસ્ત્રોનું ઉત્પાદન કરે છે, ઝેરી વાયુનું પ્રસારણ કરે છે. માનવીના સ્વાસ્થય સાથે ચેડાં કરે છે, કુદરતની અખોટ સંપતિના ભંડારા નિકંદન કાઢી નાખે છે, પીવાના પાણીને પ્રદૂષિત કરી નાખે છે. અરે ! ચોખ્ખી હવા માટે ફાંફા મારકા માનવીને મજબૂર કરી દે છે ત્યારે, ન કહેવું પડે છે કે માનવી વિજ્ઞાનના હાથે રહેંસાઈ રહ્યો છે! હાથે કરીને પોતાન પગ ઉપર કુહાડો મારીને પોતનું જ અસ્તિત્વ જોખમમાં મૂકી રહ્યો છે. બે-બે વિશ્વયુદ્ધોએ કરેલી પાયમલી પછી પણ હજી તો એનાથી અનેકગણી સંહારક શક્તિ ધરાવતા શસ્ત્રોનો ખડકલો વિશ્વની મહાસત્તાઓ દ્વારા થઈ ચૂક્યો છે ત્યારે નિશ્વાસ નાખીને કહેવું પડે છે. વિજ્ઞાન શાપરૂપ બનીને ત્રાટક્યું છે ! વસ્તુ વિષય એનો એજ છે પરંતુ એના ઉપયોગનો અભિગમ દ્વિમાર્ગી છે. વૈજ્ઞાનિક શોધે જેમણે કરી છે તેમને તો આપણી લાખલાખ સલામ ! પરંતુ એમની એ અદભુતને અન્નય શોધોને સહારે માનવજાતના અસ્તિત્વને જેઓ જોખમમાં મૂકી રહ્યા છે અને વિજ્ઞાનના માધ્યમથી વિનાશને નોતરી રહ્યા છે. તેમને તો લાખલાખ ધિક્કાર ! ટુંકમાં વિજ્ઞાનની રચનાત્મક અને ખંડનાત્મક સરનાત્મક કે સંહારાત્મક અસરોમાંથી માનવીએ પોતે જ વિવિકપૂર્વક પસંદગી કરવાની છે. એટલું જ યાદ રાખવાનું છે કે, સૌના વિનાશમાં આપણો પણ વિનાશ સમાયેલો છે. તેથી માનવી જો વિજ્ઞાનની શિધિઓનો સમજપૂર્વક અને વિવેકપૂર્વક ઉપયોગ કરશે તો જ વિજ્ઞાન માનવજાત માટે વરદાન રૂપ બની જશે! (જી.એન.એસ.)

# અમદાવાદના રહેણાંક વિસ્તારોમાં અસહ્ય ગંદકીના થરો ખડકાયા, છતાં એએમસી તંત્ર નિંદ્રાધીન : અર્જુન મોઢવાડિયા

અમદાવાદ, તા.૬

કોંગ્રેસના આગેવાન અર્જુનભાઈ મોઢવાડિયાએ એક વિડીયો ટ્વિટર ઉપર શેર કરતા જણાવ્યુંહતું કે આ ડમ્પિંગસાઈટ નહીં, પણ અમદાવાદનું જમાલપુર છે. હજારો લોકોની અવરજવરથી સતત ધમધમતા જમાલપુર ચાર રસ્તા અને રહેણાંક વિસ્તાર અસહ્ય ગંદકીથી ખદબદી રહ્યો છે. નાક પણ ખોલી ના શકાય તેવી અસહ્ય ગંદકીની દુર્ગંધ લોકોને પારવાર મુશ્કેલીમાં નાખી રહી છે. મચ્છરોનો ઉપદ્રવ સાતમાં આસમાને છે. આ વિસ્તારમાં હજારો લોકો વસવાટ કરે છે, જેઓ ગંદકીના કારણે સતત કોલેરા, મેલેરીયા જેવા રોગોના ભોગ બને છે. છતાં અમદાવાદ મહાનગર પાલીકાના પેટનું પાણી પણ હાલતું નથી. શું અમદાવાદ મહાનગર પાલીકા કોલેરા કે મલેરીયાનો રાફડો ફાટે તેની પ્રતિક્ષા કરી રહ્યું છે ? કે પછી શહેરમાં રોગચાળો ફાટે એ માટે કોઈ યોજના(ષડયંત્ર) અમલમાં મુકી છે. ?

સ્માર્ટ સિટી, સ્વચ્છતા રેન્કિંગ શહેર નંબર-૧ જેવા રૂપકડા સ્લોગનો બનાવી તેની જાહેરાતો પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરાય છે. ઉપરાંત શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે છેલ્લા દસ વર્ષથી મ્યુનિ. દ્વારા જુદી જુદી યોજનાઓ પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે છતાં કોન્ટ્રાક્ટરોની લાલિયાવાડી તથા મ્યુનિ. અધિકારીઓની આંખ આડાકાન કરવાની વૃત્તિના કારણે શહેરમાં ગંદકીના ઢગલા ખડકાય છે.

**AMC** દ્વારા વર્ષ ૨૦૦૫થી ૨૦૧૦ જુલાઈ સુધી દરેકઘરેથી પેન્ડલ રીક્ષા દ્વારા કચરો એકત્ર કરવાની યોજના અમલમાં મૂકવામાં આવી હતી અને તેના માટે ઘર દીઠ ૧૦ રૂપિયા ચૂકવવામાં આવતા હતા. શહેરમાં એક હજારથી વધુ રેસિડેન્ટ વેલ્ફેર એસો.ને ૧૨ લાખથી વધુ મકાનોમાંથી કચરો એકત્ર કરવા માટે મહિને સવા કરોડથી વધુ રૂપિયા ચૂકવાતા હતા. આ સિસ્ટમમાં ભાજપના નેતાઓ દ્વારા સૌથી વધુ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો અને ભાજપના જ કોર્પોરેટરો તથા કાર્યકરોએજ મંડળી નોંધાવી કોન્ટ્રાકટ લઈ લીધા હતા, પરંતુ નિયમ મુજબની પેન્ડલ રીક્ષા કે કામદાર રાખતા જ નહોતા જેના કારણે કરોડો રૂપિયા ખર્ચવા છતાં યોજના નિષ્ફળ નીવડી હતી. આ યોજના બાદ **AMC** એ સમગ્ર શહેરમાં ડોર ટૂ ડમ્પ યોજના લાગુ કરી હતી અને તેમાં છ ઝોન માટે છ કોન્ટ્રાકટરોને કામ સોંપવામાં આવ્યું હતું. જેમાં બંધ બોડીના વાહનોમાં સોસાયટીના દરવાજેથી કચરો એકત્ર કરી ડમ્પ સાઈટ ખાતે નિકાલ કરવાની જોગવાઈ હતી અને તેના માટે દરેક કોન્ટ્રાકટરને પ્રતિ ટનના ભાવે નાણાં ચૂકવવામાં આવે છે. પરંતુ ભાજપના કોર્પોરેટરો અને કોન્ટ્રાકટરોની મીલીભગતના કારણે આ યોજના પણ સફળ બની નથી. અનેક વિસ્તારોમાં કોન્ટ્રાકટરના સફાઈ કામદારો કચરો લેવા રોજ જતા નથી, તેથી રોડ ઉપર કચરો ફેંકાય છે અને શહેરમાં અનેક વિસ્તારો આવી ગંદકીથી ખદબદી રહ્યાં છે, ત્યારે શહેરના નાગરિકોએ તંત્રનો કાન આમળવો જોઈએ.

# જામકંડોરણા તાલુકાની તમામ સસ્તા અનાજની દુકાનો ઉપર અન્ન ઉત્સવ યોજાયો



(હરપાલસિંહ દ્વારા) જામકંડોરણા, તા.૬

જામકંડોરણા તાલુકામાં પુરવઠા વિભાગ દ્વારા સસ્તા અનાજની તમામ દુકાનોમાં અન્નોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ જામકંડોરણા તાલુકાની તમામ સસ્તા અનાજની દુકાનમાં ઉજવણી કરવામાં આવી હતી જેમાં રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગોવિંદભાઈ રાણપરીયા, મામલતદાર શ્રી મુળીયાસીયા, તાલુકા વિકાસ અધિકારી શ્રી પટેલ, નાયબ મામલતદાર શ્રી લુણાગરિયા, તાલુકા ભાજપ પ્રમુખ ચંદુભા ચૌહાણ, સસ્તા અનાજ મંડળ જામકંડોરણાના પ્રમુખ અનોપસિંહ જાડેજા, જામકંડોરણા સરપંચ ગૌતમભાઈ વ્યાસ આગેવાનો અલગ અલગ જગ્યાએ હાજરી આપી હતી. સમગ્ર તાલુકામાં આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન તમામ દુકાનનું પુરવઠા વિભાગના કર્મચારી પ્રશાંતભાઈ મહેતાએ કર્યું હતું.

# સીવીએમ યુનિવર્સિટી દ્વારા ૧૨ માં ધોરણનાં વિદ્યાર્થીઓને કેરિયર ગાઈડન્સ માટે ત્રણ દિવસીય એજ્યુકેશન ફેરનું આયોજન

વલ્લભ વિદ્યાનગર, તા.૬

વલ્લભ વિદ્યાનગર સ્થિત અને ગુજરાતના સૌથી જુના અને ૭૫ વર્ષાનો બહોળો શૈક્ષણિક વારસો ધરાવતા ટ્રસ્ટ ચારૂતર વિદ્યા મંડળ સાથે સંકળાયેલ, સીવીએમ યુનિવર્સિટી દ્વારા તારીખ ૬, ૭, અને ૮ ઓગષ્ટના રોજ એજ્યુકેશન ફેરનું આયોજન કરવામાં આવેલ છે. આણંદ-વિદ્યાનગર રોડ ઉપર આવેલ વી એન્ડ સી પટેલ સ્કૂલના સંકુલમાં આયોજિત આ ફેર, આ દિવસો, માં સાંજે ૪ થી ૯, તમામ વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે ખુલ્લો રહેશે. આ ફેરમાં ૧૦ અને ૧૨ માં ધોરણ પછી શ્રેષ્ઠ અભ્યાસક્રમ તેમજ ઉત્તમ વ્યવસાયની પસંદગી કરવા માટે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવશે. સાથે આ શૈક્ષિણીક મેળામાં ઓનલાઈનના મધ્યમથી પણ માર્ગદર્શન આપવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ભારત સરકારના યુજીસી અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૨૨ હેઠળ સીવીએમ યુનિવર્સિટીને વર્ષ ૨૦૧૯થી ડિગ્રી આપવાની સત્તા આપી છે. સીવીએમ યુનિવર્સિટીનો ઉદેશ નવી આવનારી પેઢીઓના ભવિષ્યને સરદાર પટેલની પ્રેરણાઓ દ્વારા પ્રકાશિત કરવાનો છે. જ્ઞાન, વિજ્ઞાન અને પ્રજ્ઞાનના સૂત્ર સાથે શૈક્ષણિક સેવામાં સક્રિય અને ૬૦૦ એકરમાં ફેલાયેલ સીવીએમ યુનિવર્સિટી હાલમાં, ૨૯ કોન્સ્ટિટ્યુએન્ટ કોલેજો / સંસ્થાઓ, આઠ ફેકલ્ટી, ચાર મુખ્ય કેન્દ્રો / સેલ, અને આશરે ૨૨૦૦૦ થી વધુની વિદ્યાર્થી સંખ્યા હેઠળના અંડરગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રજ્યુએશનથી ડોક્ટરલ (પીએચ ડી) સુધીના ૧૫૦ થી વધુ પ્રોગ્રામ્સ પ્રદાન કરે છે. આ પ્રોગ્રામ ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ, આર્કિટેકચર, ફાર્મસી, પ્યોર અને એપ્લાઈડ સાયન્સ, કોમ્પ્યુટર સાયન્સ, વાણિજ્ય, વિનયન, વ્યવસ્થાપન, કાયદો અને આયુર્વેદ સાથે જોડાયેલ વિવિધ શાખાઓમાં આપવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણની મહત્વાકાંક્ષા ધરાવતા તેમજ વિશ્વ સ્તરીય અભ્યાસની સાથે સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપતા વાલી -વિદ્યાર્થીઓ આ ફેરની મુલાકાત લઈ શકે છે. ટૂંક સમયમાં આ સુવિધાનો લાભ સીવીએમ યુનિવર્સિટીના વર્ચ્યુલ પ્લેટફોર્મ દ્વારા પણ મેળવી શકાશે. ચારૂતર વિદ્યા મંડળ અને સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ મનીષભાઈ પટેલ, સેક્રેટરી એસ.જી.પટેલ, માનદ સહમંત્રીઓ રમેશભાઈ તલાટી, મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલે આ કાર્યને બિરદાવીને સર્વેને લાભ લેવા જણાવાયું છે.

# વેરાવળમાં બોગસ દસ્તાવેજોના આધારે જમીન પચાવી પાડવાનો મામલો, તલાટી સહિત ચાર લોકો સામે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ફરિયાદ

## ખોટા દસ્તાવેજનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી મામલતદારમાં નોંધ પ્રમાણિત કરાવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૬

વેરાવળના જોડીયાનગર પ્રભાસપાટણમાં મૃતકની જમીન પચાવી પાડવા ખોટા દસ્તાવેજો બનાવેલ હોવાની ફરીયાદ પોલીસમાં નોંધાયેલ છે. આ અંગે પોલીસે તલાટી કમ મંત્રી સહીતના સામે ગુજરાત જમીન પચાવી પાડવા પ્રતિબંધ (લેન્ડલ ગ્રેંબીગ એકટ) કાયદા હેઠળ સહીતની કલમો મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ ઈબ્રાહીમ અલારખા ગોહેલે નોંધાવેલ પોલીસ ફરીયાદમાંથી પ્રાપ્ત વિગત મુજબ ઈબ્રાહીમના પિતા અલારખા ઉમરના નામે સર્વે નં. ૬૬૫, ૬૭૭ માં જમીન આવેલ હોય તે જમીન પચાવી પાડવા અનીશાબેન ઈરફાનભાઈ રહે.બોટાદ, ખોટુ પેઢીનામું બનાવનાર તલાટી કમ મંત્રી રહે.દેરડી, પંચ સાહેદ તરીકે ઓળખ આપનાર મહમદ હાજી ખોરજીયા રહે.દેરડી, હુસેન હૈયાળ પરાસા રહે.દેરડી સહીતનાએ ખોટુ વારસાઈ નોંધ અંગેનું સોગંદનામું, પેઢીનામું સહીતના દસ્તાવેજો ખોટા બનાવી સોગંદનામામાં સાક્ષી તરીકે ખોટી ઓળખ આપી જમીન પચાવી પાડવા મામલતદાર કચેરીમાં ખોટા દસ્તાવેજોનેસાચા તરીકે ઉપયોગ કરેલ હોવાની ફરીયાદ નોંધાવેલ છે. ઉપરોકત જમીન મેદુભાઈ નામની વ્યકિતએ આવી વેચવાની છે તેથી જોવા આવ્યા છીએ તેવું કહેતા સમગ્ર હકીકત બહાર આવેલ જેમાં તપાસ કરતા બોટાદ રહેતી અનીસાબેન ઈરફાનભાઈ કારપાણીયાએ અલારખાભાઈ ગત તા.૩૧-૫ના અવસાન પામેલ હોય તેના વારસદાર તરીકે અનીસાબેન હોવાની નોટીસની બજવણી કરી ઈન્ચાર્જ મામલતદારએ ખોટા દસ્તાવેજના આધારે નોંધ પ્રમાણીત કરી નોંધ કરેલ હોવાનું બહાર આવેલ છે. આ અંગે પોલીસે આઈ.પી.સી. કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી., ૧૧૪, ગુજરાત જમીન પચાવી પાડવા પ્રતિબંધ કાયદા હેઠળ ૪ (૧), ૫, ૫(એ), ૫(બી), ૫(સી), ૫(ઈ) ગુન્હો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક એમ.એમ. પરમારે હાથ ધરેલ છે.

# કેશોદનાં માણેકવાડાનાં રીક્ષા ચાલકને વ્યાજની રકમ માટે ધમકી આપી

જૂનાગઢ તા. ૬

કેશોદ તાલુકાનાં માણેકવાડા ગામે રીક્ષા ચાલકને એક શખ્સે વ્યાજની રકમ માટે રસ્તામાં આંતરીને રીક્ષાની ચાવી લઈ મારી નાખવાની ધમકી દીધાની ફરીયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

કેશોદ તાલુકાનાં માણેકવાડા ગામે રહેતા અને રીક્ષા ચલાવતા સુભાષ મોહન મુછડીયાએ દીકરીની સારવાર માટે અહીના રાકેશ દેવદાન ડાંગર નામના શખ્સ પાસેથી મહીનો એક હજારનાં વ્યાજે પાંચ હજાર લીધા હતાં. જેનું તેણે ૧૪ હજાર રૂપિયા આપવા છતાં એક દિવસ તેને ગોળાઈ પાસે રીક્ષા અટકાવીને રીક્ષાની ચાવી લઈને વ્યાજની રકમ માટે ધાક-ધમકી દીધાની ફરીયાદ વંથલી પોલીસમાં નોંધાઈ છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : શ્રી સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રાહ્મણ કનકરાય શિવશંકર પુરોહિત (ઉ.વ.૭૯) તે સ્વ. શિવશંકર ઓધવજી પુરોહિતના પુત્ર, સ્વ.હરિપ્રસાદ શિવશંકરના લઘુબંધુ, મયુરભાઈ(બબુડી), વિમલભાઈના પિતા, ચંદ્રેશભાઈ, સ્વ.સુધીરભાઈ, ભરતભાઈના કાકા, સ્વ.વાલજી મંગળજી ભટ્ટના જમાય, કિશોરભાઈ, શૈલેષભાઈ, સુરેશભાઈ ભટ્ટના બનેવી, સ્વ.ધીરૂભાઈ તથા ધનસુખભાઈ ભટ્ટના બનેવી, સ્વ.જયાબેન સૂર્યકાંતભાઈ ભટ્ટ, મધુકાંતાબેન પ્રવિણચંદ્ર ભટ્ટના ભાઈનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા સ્વસુરપક્ષ/મોસાળપક્ષની સાદડી તા. ૭/૮/૨૧ શનિવાર સાંજે ૫ થી ૬ વાગ્યે હાટકેશ્વર મંદિર, જવાહર રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

બજાજ એલિયાન્ઝ લાઇફ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડ
રજી. ઓફિસ: બજાજ એલિયાન્ઝ હાઉસ, એરપોર્ટ રોડ, યરવડા, પુણે - 411006.
ટેલિ.: 020 66026777, ફેક્સ 02066026789

જાહેર સૂચના

અહીં નોટિસ આપવામાં આવે છે કે સેંટ્રલ બેંકની ઉપર, સુરજ ફન વર્લ્ડની સામે. કોલેજ રોડ. જુનાગઢ, જિલ્લો જુનાગઢ. ગુજરાત-362001 ખાતે આવેલ બજાજ એલિયાન્ઝ લાઇફ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડને 10મી ઓક્ટોબર 2021ના રોજથી ઓફિસ નં. 304/305, મેરી ગોલ્ડ 2. કોલેજ રોડ, જુનાગઢ. જિલ્લો જુનાગઢ, ગુજરાત-362001 મુકામે ખસેડવામાં આવશે.



# જૂનાગઢમાં ફૂલ-ઝાડ પ્લાન્ટેશનમાં ભ્રષ્ટાચારનું ભુત ધુણ્યું

## ત્રણ વર્ષ પહેલા ૯ રાજમાર્ગો ઉપર રૂા.૫૬.૭૦ લાખનાં ખર્ચે ફુલ-ઝાડ વાવવાની કામગીરીમાં ભ્રષ્ટાચાર થયો હોવાનાં આક્ષેપ સાથે તપાસની માંગ કરતા મંજુલાબેન પરસાણા

જૂનાગઢ તા. ૬

દિવસે-દિવસે જૂનાગઢ શહેરની વિકાસ યાત્રાની ગાથા આગળ ધપતી રહી છે અને અનેક વિકાસ કાર્યો હાલ ચાલી રહ્યા છે અને એકનિર્ધારીત ઉંચાઈએ જૂનાગઢ શહેર પહોંચી જશે તેવા આશાવાદ વચ્ચે જૂનાગઢ મહાનગરપાલિકાનાં વિવિધ વિભાગોમાં ભ્રષ્ટાચાર થતો હોવાની ફરિયાદો પણ સતત ઉઠી રહી છે. જૂનાગઢ મહાનગરપાલિકાનાં વોર્ડ નં.૪નાં કોંગ્રેસનાં કોર્પોરેટર મંજુલાબેન પરસાણાએ ફુલઝાડ પ્લાન્ટેશનનાં કથીત ભ્રષ્ટાચારનું ભુત ધુણાવ્યું છે અને કમિશ્નર જૂનાગઢને પત્ર લખી આ અંગે તપાસની માંગણી કરી છે. જેને લઈને ભારે ચર્ચા જાગી ઉઠી છે. જૂનાગઢમાં ત્રણેક વર્ષ પહેલા મનપાએ બે ખાનગી એજન્સીને શહેરનાં વિવિધ ૯ રાજમાર્ગો ઉપર ડીવાઈડરમાં અલગ અલગ પ્રકારના ફુલ-ઝાડ પ્લાન્ટેશન કરવા માટેની કામગીરી સોંપી હતી. જેમાં રૂા.૫૬.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ તેમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયાનો ઉહાપોહ પણ થયેલો હતો. પરંતુ તેની હજુ સુધી તપાસ કરવામાં નહી આવતા કોંગ્રેસનાં કોર્પોરેટર મંજુલાબેન પરસાણાએ આ મામલે વીજીલન્સ તપાસની એસીબી અમદાવાદને માંગ કરી છે. તેમણે કરેલી રજુઆતમાં જણાવ્યું હતું કે પ્રજાનાં ટેક્ષનાં પૈસે શહેરમાં લાખો રૂપિયાનાં પ્લાન્ટેશન કરવામાં આવ્યા હતાં. તે ફુલઝાડનાં આજે નામો નિશાન નથી, વર્ક ઓર્ડરમાં બતાવેલ ફુલઝાડ વાવવાને બદલે બીજા ફુલછોડ વાવ્યા અને જાળવણી પણ રાખવામાં આવી નથી. ગ્રીન વિલા એન્ડ સ્કેપર્સ જૂનાગઢ અને શિવસાઈ વિનાયક કન્સ્ટ્રકશન રાજકોટની એજન્સીને કામ આપવામાં આવ્યું હતું. તત્કાલીન અને સસ્પેન્ડેડ મ્યુ. કમિશ્નર વી.જે. રાજપુતનાં સમયમાં આ કામગીરી કરાયેલ હતી. જેમાં શહેરનાં નવ રાજમાર્ગો ઉપર ઓરેડોકસ રેજીયા, ફાઈકસ સહીતનાં અલગ અલગ પ્લાન્ટ કરવાના હતા અને તેના ગેરંટી પિરીયડમાં જ મોટાપાયે ભ્રષ્ટાચાર થયાનું સામે આવ્યું હતું. હાલ તે સ્થળે ફુલઝાડ કે તેના મુળીયા પણ નથી, તેની પરફોર્મન્સ ગેરંટી પાંચ લાખ આપવામાં આવી હોવા છતાં અધિકારીઓની મિલીભગતથી તેનું પેમેન્ટ પણ ચુકવી દેવામાં આવેલ છે. જેને લઈને આ મામલે અમદાવાદ લાંચ રૂશ્વત બ્યુરો અને ગાંધીનગર અગ્રસચિવને રજુઆત કરીને વીજીલન્સ તપાસની માંગ કરી છે.

**૯ રાજમાર્ગો ઉપર ફુલઝાડ વાવવા કરાયેલો ખર્ચ**

| પ્લાન્ટેશન રોડ | પેમેન્ટની વિગત |
|---|---|
| ઈવનગરથી ગાંધીગ્રામ સર્કલ | ૪,૪૨,૫૦૦ |
| સરદારબાગથી મોતીબાગ રોડ | - |
| ખલીલપુર રોડ સુધી | ૬,૭૨,૦૦૦ |
| ધોરાજી ક્રોસ રોડથી સાબલપુર | ૭,૨૬,૦૦૦ |
| સાબલપુર ક્રોસ રોડથી દોલતપરા | ૭,૬૧,૦૦૦ |
| દોલતપરાથી મજેવડી દરવાજા | ૧૪,૨૧,૦૦૦ |
| મજેવડી દરવાજાથી ગિરનાર દરવાજા | - |
| દામોદરકુંડ ખાખ ચોકથી પ્રવાસન ગેટ | ૯,૧૮,૦૦૦ |
| ગિરનાર દરવાજાથી દાતાર સર્કલ સુધી | ૭,૨૯,૦૦૦ |

# જૂનાગઢ જીલ્લામાં અપુરતા વરસાદનાં કારણે ખેડૂતોમાં ચિંતા

## જૂનાગઢ જીલ્લાનાં વિવિધ તાલુકામાં સૌથી વધુ માંગરોળમાં ૧૬ ઈંચ અને ઓછો ભેંસાણમાં ૭ ઈંચ વરસ્યો

જૂનાગઢ તા. ૬

આગામી સોમવારથી શ્રાવણ માસ શરૂ થઈ રહ્યો છે અનો સાથે જ ચોમાસાનાં મધ્યાતર બાદની યાત્રા શરૂ થઈ રહીછે. જેઠ અને અષાઢ માસમાં વરસાદ સમાન્ય રીતે વરસી જતો હોય છે પરંતુ આ વર્ષે વરસાદનાં આ ધોરી મહિનામાં પણ ઓછા વરસાદને કારણે ઘટ સર્જાય છે અને ઝાપટાનાં વરસાદ વચ્ચે લોકો સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે. જૂનાગઢ જીલ્લામાં ઓણસાલ હજુ ૩૦ ટકા વરસાદની ઘટ છે. ગત વર્ષે આવા સમયે જીલ્લામાં સાર્વત્રીક ૯૦ ટકા વરસાદ વરસી ગયો હતો. પરંતુ હજુ અત્યારે જીલ્લામાં માંડ ૩૩.૯૧ ટકા વરસાદ પડયો હોવાનું નોંધાયું છે. જેમાં સૌથી વધુ માંગરોળમાં ૧૬ ઈંચ અને સૌથી ઓછો ભેંસાણમાં ૭ ઈંચ જ વરસાદ વરસતા મોલાતને નુકશાન થવાની ભિતી છે. એક તરફ હાલ સમગ્ર જીલ્લામાં ધાબડીયું વાતાવરણ છવાયેલું રહે છે, અને હળવા વરસાદનાં ઝાપટા વરસી રહયા છે, ભારે પવન ફુંકાય છે અને સૂર્યનાં કિરણો જોઈએ તેટલા પાક ઉપર પડતા નથી જેને કારણે હાલ મગફળી અને કપાસમાં રોગ ઉદભવ્યો છે. જૂનાગઢ જીલ્લામાં અત્યાર સુધીમાં માત્ર ૩૩.૯૧ ટકા વરસાદ વરસવાથી અનેક વિસ્તારોમાં પાકને નુકશાન થવાની ભિતી છે. જીલ્લામાં સૌથી વધુ જયાં વરસાદ પડયો છે તેવા માંગરોળમાં ૩૮૪ મીમી અને ૪૪.૧૪ ટકા વરસાદ વરસ્યો છે.

જયારે સૌથી ઓછો વરસાદ ભેંસાણમાં માત્ર ૭ ઈંચ એટલે કે ૧૭૩ મીમી વરસાદને લઈને સમગ્ર પંથકમાં ચિંતાનું મોજુ છે. આવા સમયે સારા વરસાદની ખેડૂતો રાહ જોઈ રહયા છે. જયારે કેશોદમાં ૧૨ ઈંચ, જૂનાગઢમાં ૧૨ ઈંચ, ભેંસાણમાં ૭ ઈંચ, મેંદરડામાં ૧૫ ઈંચ, માંગરોળમાં ૧૬ ઈંચ, માણાવદરમાં ૧૫ ઈંચ, માળીયા હાટીનામાં ૧૪ ઈંચ, વંથલીમાં ૧૨ ઈંચ અને વિસાવદરમાં ૧૩ ઈંચ વરસાદ નોંધાયો છે.

# જૂનાગઢ તાલુકાનાં મજેવડી ગામે પ્રેમલગ્નનાં મનદુઃખે અપહરણનાં બનેલા બનાવનાં આરોપીઓને ગણતરીનાં કલાકમાં ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા. ૫

જૂનાગઢ તાલુકાનાં મજેવડી ગામે રહેતા ધીરૂભાઈ બોઘાભાઈ દલસાણીયા કોળી (ઉ.વ. ૫૦)એ બટુકભાઈ ઉર્ફે રવજીભાઈ મગનભાઈ ગોહેલ, રાહુલ બટુકભાઈ ઉર્ફે રવજીભાઈ ગોહેલ તેમજ પાંચ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદીનાં દિકરાએ આ કામના આરોપી બટુકભાઈ ગોહેલની દિકરી રવિના સાથે પ્રેમલગ્ન કરેલ હોય જેનું મનદુઃખ રાખી આરોપી બટુકભાઈ ઉર્ફે રવજીભાઈ તથા તેનો દિકરો રાહુલ અને પાંચ અજાણ્યા શખ્સોએ લાકડી, ધારીયુ, કુહાડી જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી ગેરકાયદેસર મંડળી રચી અને આરોપીઓ મોટર સાયકલ લઈ ફરીયાદીની વાડીએ આવી અને ફરીયાદી સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ ફરીયાદીનાં મોટા દિકરાની પત્ની અસ્મીતાબેનને ઈજા કરી તેમજ ફરીયાદીનાં દિકરા હીરાભાઈની કાયદેસરની પત્ની રવીનાબેન સાથે ઝપાઝપી કરી અને પકડી તેમજ રવીનાબેનની મરજી ન હોવા છતાં બળજબરીથી ટીંગાટોળી કરી મોટર સાયકલમાં બેસાડી રવીનાબેનનું અપહરણ કરી લઈ જઈ ગુનો કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવવામાં આવી હતી. દરમ્યાન આ બનાવ અંગે જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક મનિન્દર પ્રતાપસિંહ પવાર તથા જીલ્લા પોલીસ વડા રવિતેજા વાસમશેટ્ટીની સુચના તેમજ ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજા તથા ક્રાઈમ બ્રાન્ચનાં ઈન્ચાર્જ પીઆઈ એચ.આર. ભાટીનાં માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચ તથા તાલુકા પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ કરી ગણતરીનાં કલાકોમાં જ રવજીભમાઈ ઉર્ફે બટુકભાઈ ગોહેલ, રાહુલ રવજીભાઈ ગોહેલ, અજય છગનભાઈ મકવાણા અને કાયદાનાં સંઘર્ષમાં આવનાર બાળકને ઝડપી લીધા હતાં.

# જૂનાગઢ જીલ્લામાં આજે કુલ ૨૦૦ બ્લોકમાં ૩૯૫૧ વિધાર્થીઓ આપી રહયા છે ગુજકેટની પરીક્ષા



જૂનાગઢ તા.૬

જૂનાગઢ જીલ્લા ખાતે ગુજકેટ-૨૦૨૧ની પરીક્ષાનો આજ સવારથી પ્રારંભ થયો છે. આ અંગે વિગતો આપતા જીલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયએ જણાવ્યું હતું કે, જીલ્લા કલેકટર રચિત રાજ દ્વારા આ પરીક્ષામાં વર્ગ ૧,૨,નાં ઓબઝર્વર અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. પરીક્ષામાં જૂનાગઢ ઝોન ખાતે કુલ ૧૮ બિલ્ડીંગોનાં ૨૦૦ બ્લોકમાં ૩૯૫૧ જેટલા વિધાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.

આજે સવારે ૧૦ કલાકે ફીઝીકસ એન્ડ કેમેસ્ટ્રીનું પેપર લેવામાં આવેલ હતું તેમજ બપોરે ૧ થી ૨ બાયોલોજી અને ૩ થી ૪ મેથ્સની પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષામાં તમામ પરીક્ષા સ્થળો ખાતે કોવિડ અન્વયે સંપૂર્ણ કાળજી રાખવામાં આવી હતી તથા તમામ વિદ્યાર્થીઓને થર્મલ ગનથી તાપમાન માપણી અને હેન્ડ સેનેટાઈઝ કરી તેજ પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને જીલ્લા શિક્ષણધિકારી આર.એસ. ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ શિક્ષણ નિરીક્ષક રણવિરસિંહ પરમાર અને કચેરીનાં સમગ્ર સ્ટાફે ખડેપગે વ્યવસ્થા સંભાળી હતી.

# VISWAS પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરા દ્વારા ગરીબ મહિલાનો રાખડી વેંચવા સહિતનો સામાનનો ગુમ થયેલ થેલો જૂનાગઢ પોલીસે શોધી કાઢયો




જૂનાગઢ તા.૬

અરજદાર ભાનુબેન રમેશભાઈ મકવાણા રહે. ડુંગરપુર પોતે રોજમદારી કરતા હોય અને છુટક સામાન વેંચી પોતાનું ગુજરાન ચલાવતા હોય તા.૩૧-૭-૨૦૨૧ના રોજ ૫૦૦૦/- રૂા.ની કિંમતની રાખડીનો સામાન, વેંચવા માટે મરી-મસાલા, તોલ કરવા માટેનો કાંટો, તેમજ અન્ય વેંચવા માટેનો સામાન સહીત કુલ ૧૦,૦૦૦રૂા.ની કિંમતનો સામાન લઈ વડાલ ગામેથી ઓટો રીક્ષામાં બેસી જૂનાગઢ ગાંધીચોક ખાતે આવેલ હતા. ઓટો રીક્ષામાંથી ઉતર્યા બાદ તેમને માલુમ પડેલ કે પોતાનો સામાન વેંચવા માટેનો થેલો રીક્ષામાં ભૂલી ગયેલ છે. જેમાં તેઓએ કોઇ પાસેથી ઉછીના રૂપીયા મેળવી પોતાના પરીવારની રોજી રોટી કમાવવા સારૂ અંદાજીત રૂા.૧૦,૦૦૦/-ની કિંમતની વસ્તુઓ વેચવા માટે લીધેલ. જે ભવિષ્યમાં મળવો મુશ્કેલ હોય, તે અને તેમનો પરીવાર વ્યથિત થઈ ગયેલ હતો. ભાનુબેન રમેશભાઇ મકવાણા દ્વારા આ બાબતની જાણ બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પી.આઇ. એન.આઇ.રાઠોડને કરતા તેઓ દ્વારા જીલ્લાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના પી.એસ.આઇ. પી.એચ. મશરૂને જાણ કરતા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ શાખા)ના પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનીંદર પ્રતાપસિંહ પવાર તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જિલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.આઇ એન.આઇ.રાઠોડ પો.કો. દિનેશભાઇ કરગઠિયા, વનરાજસિંહ ચુડાસમાં, પ્રશાંતભાઇ ચુડાસમા તેમજ જીલ્લાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ શાખા) ખાતેના પી.એસ.આઇ પી.એચ.મશરૂ, પો.કો. અશોકભાઇ રામ, રાકેશભાઇ યાદવ, જીવાભાઇ ગાંગણા સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી, વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી કેમેરા દ્વારા બનાવ સમયના ફૂટેજ તપાસ કરતા, ભાનુબેન જે રીક્ષામાં બેઠેલ હતા તે રીક્ષાના નંબર જીજે-૦૭-વીડબલ્યુ-૬૦૮૬ શોધી કાઢવામાં આવેલ હતો. તા.૩-૮-૨૦૨૧ના રોજ સવારે ૮ વાગ્યે નેત્રમ શાખાના પોલીસ સ્ટાફને ઓટો રીક્ષા હાલમાં જે વ્યક્તિ ચલાવે છે તે વ્યક્તિ ગાંધીચોક વિસ્તારમાં હોવાની બાતમી મળેલ હતી. નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા તપાસ કરતા ઉકત નંબરની રીક્ષાને રીક્ષા ચાલક અશ્વીનભાઇ દરબાર સાથે શોધી કાઢેલ હતી. રીક્ષા ચાલકને પૂછપરછ કરતા રીક્ષા ચાલક પણ પોતાની રીક્ષામાં કોઈનો સામાન ભૂલાઇ ગયેલ છે તેવી જાણ થતા ગાંધીચોક ખાતે સામાન પરત આપવા આવેલ પણ કોઇ મળી આવેલ ન હતું અને ભાનુબેનનો ભુલાઇ ગયેલ થેલો તેમણે સાચવીને રાખેલ હોવાનું જણાવેલ હતું. ઓટો રીક્ષા ચાલકની પ્રામાણીકતા બાબતે જૂનાગઢ પોલીસ દ્વારા રીક્ષા ચાલકને અભિનંદન પણ આપેલ હતા. જૂનાગઢ પોલીસ દ્વારા ભાનુબેનરમેશભાઇ મકવાણાનો રૂા.૧૦,૦૦૦ની કિંમતની સામાનનો થેલો સહી સલામત પરત કરેલ હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પોતાનો ૧૦,૦૦૦/- ની કિંમતનો સામાનનો થેલો સહી સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સંવેદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને ભાનુબેન રમેશભાઇ મકવાણાએ જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા પણ પ્રજા સાથે સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, જૂનાગઢ પોલીસ દ્વારા ગણત્રીના કલાકોમાં ભાનુબેન રમેશભાઇ મકવાણાનો રૂા.૧૦,૦૦૦ની કિંમતનો સામાનનો થેલો સહી સલામત પરત અપાવ્યો હતો.

## ચોબારી રોડ ઉપરથી દારૂની હેરાફેરી અંગે બે ઝડપાયા

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ચોબારી રોડ ઉપરથી પોલીસે વિવેક અવિનાશ પ્રધાન અને જય કિરીટભાઈ વાછાણીને સીલ પેક બોટલ નંગ-૧૭ તથા મોટર સાયકલ મળી કુલ રૂા. ૪૧,૮૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

# છોડવડી ગામે આવેલ એસબીઆઈની શાખાનાં કેશીયર સામે રૂા. ૬,૬૯,૯૮૯ની ટેમ્પરરી ઉચાપતની ફરીયાદ

જૂનાગઢ તા. ૬

ભેસાણ તાલુકાનાં છોડવડી ગામે આવેલ એસબીઆઈ શાખામાંથી રૂા.૬,૬૯,૯૮૯ની ઉચાપત કરવામાં આવી હોવાનો બનાવ બહાર આવેલ છે. આ બનાવ અંગે રાહુલ ઘાસીલાલ શૈની (ઉ.વ.૨૯) રહે. હાલ જૂનાગઢ મુળ જયપુરવાળાએ હર્ષદ જયંતીભાઈ જોષી રહે. ઓમનગર, વિશ્વાસ સીટી પાસે જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપીએ ગત તા. ૧૧-૧૨-૨૦૨૦નાં રોજ એસબીઆઈ છોડવડી શાખામાં પોતાની કેશીયર તરીકે ફરજ દરમ્યાન રૂા.૬,૬૯,૯૮૯નાં કેશની ઉચાપત કરી વિશ્વાસઘાત કરેલ હોય અને કન્ટ્રોલીંગ ઓફીસ દ્વારા તપાસનાં ચક્રો ગતીમાન થતાં ગત તા. ૧૫-૧૨-૨૦૨૦નાં રૂા. ૬,૬૯,૯૮૯ જમા કરાવી ટેમ્પરરી ઉચાપત કર્યાની ફરીયાદ નોંધાવવામાં આવતા ભેસાણ પોલીસે આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં પંચેશ્વર નજીક જુગાર દરોડો : પાંચ ઝડપાયા

જૂનાગઢ તા. ૬ : જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ચોકકસ બાતમીનાં આધારે પંચેશ્વર બરફ કારખાના પાસે જુગાર અંગે દરોડો પાડતા પાંચ શખ્સોને કુલ રૂા.૧૦,૨૫૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. જયારે માંગરોળ પોલીસે જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા. ૨૦,૦૩૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા છે.

